RNI NO GUJGUJ2003/09673

LEELA NEWS NETWORK P. LTD

અસ્સલ કાઠિયાવાડી મિજાજ

# સૌરાષ્ટ્ર આજતક

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

www.aaspassdaily.com

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    પ્રમુખસ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ, ફોન : ૦૨૮૧-૨૨૪૧૨૩૪, ફેક્સ : ૦૨૮૧-૨૨૩૦૬૬૬

● સંવત ૨૦૭૯ પોષ-વદ ૧૪    શનિવાર, તા.૨૧-૦૧-૨૦૨૩    અંક : ૧૪૦ વર્ષ : ૨૦    e-mail : sauaajtak@gmail.com    કિંમત રૂા. ૨-૫૦    પાના - ૮

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

# મોદીનું જે પાત્રાલેખન કરાયું છે તેની સાથે હું અસહમતઃ સુનક



## રમખાણો પર બીબીસી ડોક્યુમેન્ટરી પર યુકે PM સુનકે પાકિસ્તાની મૂળના સાંસદને આપ્યો જવાબ

(એ.આર.એલ),નવીદિલ્હી,
વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ૨૦૦૨ના ગુજરાત રમખાણો પર બીબીસીની ડોક્યુમેન્ટ્રીએ યુકેમાં હલચલ મચાવી દીધી છે. આ અંગે ઘણો વિવાદ ચાલી રહ્યો છે. હવે આ વિવાદ બ્રિટનની સંસદમાં પણ પહોંચી ગયો છે. જ્યારે પાકિસ્તાની મૂળના સાંસદ ઈમરાન હુસૈને સંસદમાં આ મામલો ઉઠાવ્યો તો બ્રિટિશ પીએમ ઋષિ સુનકે તેમને જવાબ આપ્યો અને ભારતીય પીએમ મોદીના સમર્થનમાં બોલતા બ્રિટિશ પીએમ ઋષિ સુનકે તેમની સંસદમાં કહ્યું કે તેઓ આ ડોક્યુમેન્ટ્રીમાં તેમના પાત્રાલેખન સાથે સહમત નથી. પોતાની વાત રાખતા સુનકે કહ્યું કે આ મામલે યુકે સરકારની સ્થિતિ સ્પષ્ટ છે, લાંબા સમયથી જે સ્ટેન્ડ છે તેમાં કોઈ ફેરફાર થયો નથી. સુનકે વધુમાં કહ્યું કે અલબત્ત અમે ઉત્પીડન સહન કરતા નથી, તે ગમે ત્યાં હોય, પરંતુ નરેન્દ્ર મોદી વિશે જે પાત્રાલેખન કરવામાં આવ્યું છે તેની સાથે હું બિલકુલ સંમત નથી.

ગુજરાત રમખાણો પર બીબીસી ડોક્યુમેન્ટ્રી હકીકતમાં મ્ઝ એક બ્રિટિશ સંસ્થાએ ૨૦૦૨ના ગુજરાત રમખાણો દરમિયાન ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીના કાર્યકાળને નિશાન બનાવતી ૨ ભાગોમાં શ્રેણી દર્શાવી હતી. જેના કારણે બ્રિટનમાં ભારતીય ડાયસ્પોરા દ્વારા ઘણી નારાજગી વ્યક્ત કરવામાં આવી

## રેલવે પ્રથમ વખત બજેટ લક્ષ્યાંકને કરશે પાર: નુર-મુસાફર ભાડા આવક ૨૮% વધી

### કોલ-લોખંડ-સિમેન્ટના ટ્રાન્સપોર્ટેશનમાં નવા રેકોર્ડ


નવી દિલ્હીઃ
ભારતીય રેલવેમાં આધુનિકરણ તથા રેલવે મુસાફરી ઝડપી અને સલામત બનાવવાના મોદી સરકારના આયોજન અને અમલીકરણ હવે પરિણામ દેખાડવા લાગ્યા છે અને ચાલુ નાણાકીય વર્ષમાં તા.૧૮ જાન્યુઆરી સુધીમાં રેલવેની નુર અને મુસાફર ભાડા આવકમાં ૨૮% ના વધારા સાથે તે રૂા.૧.૯૦ લાખ કરોડ નોંધાઈ છે જે ગત નાણાકીય વર્ષમાં આ સમયગાળામાં રૂા.૧.૩૦ લાખ કરોડ હતી. ખાસ કરીને રેલ્વે દ્વારા સિમેન્ટ-કોલસા તથા રસાયણોની હેરફેરથી નુરભાડા આવકમાં વધારો થયો છે અને રેલવેએ દર મહિને નવા ૨૦૦૦ વેગનોની આવશ્યકતા પડી હતી. રેલવેએ ચાલુ વર્ષે નાણાકીય વર્ષમાં (માર્ચ ૨૦૨૩ સુધીમાં) કુલ રૂા.૨.૩૫ લાખ કરોડની નુર-ભાડા આવકનો લક્ષ્યાંક રાખ્યો છે.

## મુસ્લિમોમાં હલાલા અને એકથી વધુ લગ્ન કરવા પર પ્રતિબંધ લાગે તેવી સંભાવના ?

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૦
મુસ્લિમોમાં ટ્રિપલ તલાકની દુષ્ટ પ્રથા પર પ્રતિબંધ મૂક્યા બાદ હવે નિકાહ હલાલા અને બહુપત્નીત્વનો મામલો પણ સુપ્રીમ કોર્ટમાં વિચારણા હેઠળ છે. કોર્ટે આજે કહ્યું છે કે તે ટૂંક સમયમાં આ મામલાઓ પર ફરીથી સુનાવણી કરવા માટે ૫ સભ્યોની બંધારણીય બેંચની રચના કરશે. આ મામલો પણ ૨૦૧૮થી કોર્ટમાં પેન્ડિંગ છે, પરંતુ હવે સુનાવણીમાં ઝડપ આવે તેવી શક્યતા છે. આ બેન્ચના કેટલાક જજો વચ્ચે વચ્ચે નિવૃત્ત થઈ ગયા હતા. એડવોકેટ અશ્વિની ઉપાધ્યાયની વિનંતી પર સીજેઆઈ ડીવાય ચંદ્રચુડની અધ્યક્ષતાવાળી ખંડપીઠે નવી ૫ સભ્યોની બંધારણીય બેંચની રચના કરવાની વાત કહી છે.

સુપ્રીમ કોર્ટે શુક્રવારે કહ્યું કે તે મુસ્લિમોમાં બહુપત્નીત્વ અને નિકાહ હલાલાની પ્રથાને પડકારતી અરજીઓની સુનાવણી માટે પાંચ જજોની બંધારણીય બેંચની રચના કરશે. અરજીમાં મુસ્લિમોની આ પ્રથાઓની બંધારણીય માન્યતાને પડકારવામાં આવ્યો છે. મુખ્ય ન્યાયાધીશ ડીવાય ચંદ્રચુડ અને ન્યાયમૂર્તિ પીએસ નરસિમ્હાની અધ્યક્ષતાવાળી બેન્ચે એડવોકેટ અશ્વિની ઉપાધ્યાયની વિનંતી પર સંજ્ઞાન લીધું છે. ઉપાધ્યાયે આ મામલે જાહેર હિતની અરજી પણ દાખલ કરી છે. તેમણે કોર્ટ પાસે માંગ કરી હતી કે કારણ કે અગાઉની ૫ સભ્યોની બંધારણીય બેંચના બે જજ જસ્ટિસ ઈન્દિરા બેનર્જી અને જસ્ટિસ હેમંત ગુપ્તા નિવૃત્ત થઈ ગયા છે. તેથી નવી પાંચ સભ્યોની બેંચની રચના કરવાની જરૂર છે.

સીજેઆઈ ચંદ્રચુડે કહ્યું, "પાંચ જજની બેન્ચ સમક્ષ ખૂબ જ મહત્વપૂર્ણ મામલા પેન્ડિંગ છે. અમે એક રચના કરીશું અને આ મુદ્દાને ધ્યાનમાં લઈશું. ઉપાધ્યાયે ગયા વર્ષે ૨ નવેમ્બરે જ કોર્ટ સમક્ષ આ મામલો ઉઠાવ્યો હતો.



**મુસ્લિમોમાં નિકાહ હલાલા અને ચાર લગ્નની પ્રથા સામે દાખલ કરવામાં આવેલી જાહેર હિતની અરજીઓની સુનાવણી માટે બંધારણીય બેંચની નવેસરથી રચના કરવામાં આવશે**

## ખેલાડીઓએ હવે ભારતીય ઓલિમ્પિક સંઘના પ્રમુખ પીટી ઉષાને લેખિત ફરિયાદ કરી છે

### બજરંગ પુનિયા બોલ્યા- જાન મારી નાખવાની મળી ધમકી, પીએમ મોદી-શાહ પાસે ઉમ્મીદ




(એ.આર.એલ),નવીદિલ્હી,
રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહ સામે દેશના કુસ્તી ખેલાડીઓ હટવાનું નામ નથી લઈ રહ્યા. દેશની જાણીતી ખેલાડી વિનેશ ફોગટના નેતૃત્વમાં આ ખેલાડીઓએ હવે ભારતીય ઓલિમ્પિક સંઘના પ્રમુખ પીટી ઉષાને લેખિત ફરિયાદ કરી છે. આ ફરિયાદમાં વિનેશ ઉપરાંત બજરંગ પુનિયા, દીપક પુનિયા, સાક્ષી મલિક, રવિ દહિયાના નામ સામેલ છે. બ્રિજ ભૂષણ પર મહિલા ખેલાડીઓના યૌન શોષણનો આરોપ છે અને તેના વિરોધમાં દેશના જાણીતા ખેલાડીઓ છેલ્લા બે દિવસથી નવી દિલ્હીના જંતર-મંતર પર ધરણા પર બેઠા છે.આ ફરિયાદમાં લખવામાં આવ્યું છે કે, “દેશના તમામ કુસ્તી ખેલાડીઓ વતી અમે ડબ્લ્યુએફઆઇ પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહ વિરુદ્ધ કરવામાં આવેલી જાતીય સતામણીની ફરિયાદો તમારા ધ્યાન પર લાવવા માંગીએ છીએ. ઘણા યુવા ખેલાડીઓએ અમને આ અંગે ફરિયાદ કરી છે.

આ પત્રમાં યૌન શોષણના આરોપો સિવાય ખેલાડીઓએ ડબ્લ્યુએફઆઇ તરફથી કોન્ટ્રાક્ટની રકમ ન મળવાના આરોપો પણ લગાવ્યા છે. તેમણે કહ્યું, “આ સિવાય WFI તરફથી નાણાકીય અનિયમિતતાઓ પણ થઈ છે. મહત્વની વાત એ છે કે ડબ્લ્યુએફઆઈમાં અગાઉ કોઈ કોન્ટ્રાક્ટ નહોતો, પરંતુ ભૂષણના આગમન પછી ફેડરેશને મ્ઝ્રૈંના રસ્તે જઈ ખેલાડીઓને કોન્ટ્રાક્ટ આપ્યા હતા.આ પત્રમાં લખવામાં આવ્યું છે કે, ટોક્યો ઓલિમ્પિક બાદ વિનેશ એટલી પરેશાન હતી કે, તેના મગજમાં આત્મહત્યાનો પ્રયાસ પણ આવ્યો. પત્રમાં લખવામાં આવ્યું હતું કે, “જ્યારે વિનેશ ટોક્યો ઓલિમ્પિકમાં મેડલ જીતવામાં ચૂકી ગઈ, ત્યારે ડબ્લ્યુએફઆઇ પ્રમુખે તેને માનસિક રીતે એટલી હદે પરેશાન કરી કે તેણે આત્મહત્યા કરવાનું વિચાર્યું.”પત્રમાં આગળ લખવામાં આવ્યું છે કે, WFI પ્રમુખ દ્વારા રાષ્ટ્રીય શિબિરમાં નિયુક્ત કોચ અને સ્પોર્ટ્સ સાયન્સ સ્ટાફ સક્ષમ ન હતા.

## જોશીમઠના નૃસિંહ મંદિરમાં કોઈ પણ મોટા આયોજનો પર રોક

### ભગવાન બદરીના ખજાનાને પીપલકોટીમાં મંદિર સમિતિનાં નિરિક્ષણ ભવનમાં શિફ્ટ કરવામાં આવશે

દહેરાદુન
જોશીમઠમાં વધી રહેલા જમીન ધરતી પડવાના બનાવોને લઈને નૃસિંહ મંદિર પરિસરમાં કોઈપણ મોટો સમારોહ કે આયોજન કરવા પર બદરી કેદારનાથ મંદિર સમિતિએ રોક લગાવી દીધી છે.મંદિર સમિતિના અધ્યક્ષ અજેન્દ્ર અજેયએ જણાવ્યું હતું કે સ્થાનિક નાગરિકો અને શ્રધ્ધાળુઓના સૂચન પર આ નિર્ણય લેવાયો છે.હવે જોશીમઠમાં કોઈપણ પ્રકારના આયોજનો-ગતિવિધી મંજુરી વિના નહિં થઈ



શકે.જમીન ઘસવાને લઈને ભગવાન બદરીના શીતકાલ જોશીમઠમાં રાખવામાં આવતા ખજાનાને લઈને પણ મંદિર સમિતિ અને સરકારની ચિંતા વધી છે. મંદિર સમિતિનું કહેવુ છે કે જો સ્થિતિ વધુ બગડે છે તો અહીથી ખજાનાને પીપલકોટીમાં મંદિર સમિતિનાં નિરિક્ષણ ભવનમાં શિફ્ટ કરવામાં આવશે અને જરૂર પડવા પર પીપલ કોટીમાં મંદિર સમિતિનાં નિરિક્ષણ ભવનના હોલને સ્ટ્રોંગ રૂમ બનાવવામાં આવશે. બદરીનાથનાં ખજાનામાં કરોડો રૂપિયાની રોકડ ઉપરાંત ૩૦ કવીન્ટલ ચાંદી, ૪૫ કિલોથી વધુ સોનું અને અન્ય ઝવેરાતનો સમાવેશ થાય છે.જયારે મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ જણાવ્યું હતું કે જમીન ઘસવાના ક્ષેત્રનાં ફાઈલ રીપોર્ટ બાદ ટ્રીટમેન્ટનું કામ ઝડપથી કરવામાં આવશે.

## અમૂલ પહોચ્યું યુપીમાં પણ




**ટોરેન્ટ ફાર્મા અને અમૂલ ઈન્ડિયા ઉત્તર પ્રદેશમાં કરશે ઈન્વેસ્ટમેન્ટ : ઉત્તર પ્રદેશ સરકારને ગુજરાતના અમદાવાદમાં GIS રોડ શો પહેલા જ મળી મોટી સફળતા**

અમદાવાદ,
ઉત્તર પ્રદેશ સરકારને ગુજરાતના અમદાવાદ GIS રોડ શો પહેલા જ મોટી સફળતા મળી છે. ઉત્તર પ્રદેશ સરકારને ૨૫ હજાર કરોડના રોકાણની દરખાસ્તો મળી છે. તેમાંથી ટોરેન્ટ ફાર્માએ રૂ. ૨૪,૦૦૦ કરોડના એમઓયુ અને અમૂલ ઈન્ડિયાએ રૂ.૧,૦૦૦ કરોડના એમઓયુ પર હસ્તાક્ષર કર્યા હતા. અમૂલ ઈન્ડિયા પશ્ચિમ યુપીમાં બાગપત ખાતે નવો પ્લાન્ટ સ્થાપશે.

અમૂલ ઈન્ડિયાનો આ નવો ડેરી પ્લાન્ટ ૮૦૦ કરોડના રોકાણ સાથે બનાવવામાં આવશે. ૧૦૦ કરોડના રોકાણ સાથે દૂધ સંગ્રહ એકમની ક્ષમતામાં વધારો કરવામાં આવશે. આ પ્લાન્ટમાં રોજની ૧૦ લાખ લીટરની ક્ષમતા વધારીને ૨૫ લાખ લીટર પ્રતિદિન દૂધ સંગ્રહ કરવામાં આવશે. અમૂલનો દાવો છે કે આનાથી બે લાખ ખેડૂતોને ફાયદો થશે અને ૪૫૦૦ લોકોને રોજગાર મળશે. મહત્વનું છે કે, ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટ માટે રોકાણને આમંત્રિત કરવાના સંદર્ભમાં રાજ્ય સરકારની ટીમ ગુરુવારે સાંજે ગુજરાત પહોંચી હતી. મુખ્યમંત્રીના સલાહકારઅવનીશ અવસ્થી અને જ્ઞાનેન્દ્ર નાથ સિંહ ટોરેન્ટ ફાર્માના અધિકારીઓને મળ્યા હતા .

## પઠાણ ફિલ્મ રિલીઝને લઈ ધમકી આપવી પડી ભારે, નોંધાયો ગુનો


THE MULTIPLEX ASSOCIATION OF GUJARAT



### સન્ની શાહ ઉર્ફ તાઉજીએ વિડીયો દ્વારા થિયેટર માલિકોને ચેતવણી આપી છે

(એ.આર.એલ),નવીદિલ્હી,
શાહરુખ ખાનની પઠાણ ફિલ્મને લઈ છેલ્લા કેટલાક સમયથી ભારે વિવાદ ચાલી રહ્યો છે. એક તરફ શાહરુખ ખાનના ફેન્સ આતુરતાથી ફિલ્મની રાહ જોઈ રહ્યા છે તો બીજી તરફ એક જૂથ એવું પણ છે જે કટ્ટરતાથી આ ફિલ્મનો વિરોધ કરી રહ્યું છે. પઠાણ ફિલ્મની રિલીઝને લઈને ધમકી આપનાર વ્યક્તિ હવે પોલીસ એક્શનમાં આવી છે. સન્ની શાહ નામના એક વ્યક્તિએ સોશિયલ મીડિયા પર પઠાણ ફિલ્મની રિલીઝને લઈને ધમકી આપતો એક વિડીયો અપલોડ કર્યો હતો અને હાલ આ વ્યક્તિ વિરુદ્ધ સાયબર ક્રાઈમ ફરિયાદ નોંધાઈ છે. હિન્દુ રક્ત પરિષદ રાષ્ટ્રિય અધ્યક્ષ અને કરણી સેના કરણી સેના પૂર્વ રાષ્ટ્રીય પ્રચારક સન્ની શાહ ઉર્ફ તાઉજી દ્વારા ગુજરાતનાં તમામ થિયેટર માલિકો ને ચેતવણી આપવામાં આવી છે. સોશ્યલ મીડિયા પર એક વિડીયો દ્વારા પઠાણ ફિલ્મની રિલીઝને લઈને ધમકી આપતા કહ્યું હતું કે, ' હું ગુજરાત રાજ્યના તમામ થિયેટર માલિકોને કહેવા માંગુ છું કે જો પઠાણ ફિલ્મ તમે તમારા થિયેટરમાં લગાવી કે તેનું પોસ્ટર પણ દેખાયું તો તમારા થિયેટરની અંદર તોડ-ફોડ થાય, બેનરો તૂટે, ખુરશીઓ તૂટે કે તમારું થિયેટર સળગે. તેની જવાબદારી તમારી રહેશે.

## રામ સેતુ રાષ્ટ્રીય સ્મારક જાહેર કરવા તૈયાર થઈ રહ્યું છે એફિડેવિટ

### કેન્દ્રએ સુપ્રીમ કોર્ટમાં આપી જાણકારી

(એ.આર.એલ),નવીદિલ્હી,
સુપ્રીમ કોર્ટે રામ સેતુને રાષ્ટ્રીય સ્મારક તરીકે માન્યતા આપવાની માગ કરતી સુબ્રમણ્યમ સ્વામીની અરજી પર ગુરુવારે સુનાવણી થઈ હતી. આ મામલામાં કેન્દ્ર સરકારે કોર્ટને જણાવ્યું છે કે, રામ સેતુને રાષ્ટ્રીય સ્મારક ઘોષિત કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. તો વળી સ્વામીએ જણાવ્યું છે કે, આ સંબંધમાં સંસ્કૃતિ મંત્રાલયે બેઠક પણ કરી



હતી. તત્કાલિન મંત્રી તરીકે પ્રહ્લાદ પટેલે આ મામલામાં ચર્ચા પણ કરી હતી, પણ તેમને બીજૂ મંત્રાલય આપી દીધું પણ મારી દલીલ ફક્ત એ વાત પર છે આપ પાછીપાની શા માટે કરી રહ્યા છો?તેના પર સીજેઆઈ ડીવાઈ ચંદ્રચૂડે કહ્યું કે, હું અને જસ્ટિસ પારડીવાલા એક કોરમમાં એક આદેશ પારિત કરીશું, પણ જસ્ટિસ નરસિમ્હાની સાથે નથી. ન્યાયમૂર્તિ નરસિમ્હાનું કહેવું છે કે, તે સેતુ સમુદ્રમ પ્રોજેક્ટ મામલામાં તમિલનાડૂ રાજ્યનું પ્રતિનિધિત્વ કરી ચુક્યા છે. એટલા માટે તે આ મામલાની સુનાવણી નહીં કરી શકશે.

# અમરેલીની વડી સિંચાઇ યોજનામાં સૌની યોજના અંતર્ગત પાણી ભરો

## ભાજપ મહામંત્રી રાજેશ માંગરોળીયાની માંગ : નાયબ દંડક કૌશિક વેકરિયાને પત્ર પાઠવ્યો



મિલાપ રૂપારેલ  અમરેલી, તા.

અમરેલીશહેર ભાજપ મહામંત્રી રાજેશ માંગરોળીયાએ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાને પત્ર લખી જણાવેલ છે કે, અમરેલી તાલુકામાં આવેલ વડી સિંચાઈ યોજના અંતર્ગત ૨૦૦૦થી વધુ ખેડૂતોની ૨૭૦૦ હેકટરથી વધુ ખેતીની જમીનને આવરી લેવામાં આવે છે. હાલ આ યોજના દ્વારા રવિ પાક પીયત માટે સિંચાઈનું પાણી આપવાનું ચાલુ છે અને આ પીયતનું પાણી આપ્યા બાદ આ ડેમમાં પાણીનો જથ્થો અંદાજિત ૨૦% જેટલો બચી શકશે પરંતુ આ ડેમમાં જો સૌની યોજનાનું પાણી ભરવામાં આવે તો આગામી ખરીફ પાકના આગોતરા વાવેતર માટે ઓરવાણનું પીયત આપી શકાય પરિણામે હજારો હેકટર જમીનમાં પીયતની સગવડતા પુરી પાડી શકાશે જેના લીધે ખેડૂતો મોટા પ્રમાણમાં કપાસ, મગફળી, તલ, કઠોળ વગેરે જેવા ખરીફ પાકોનું આગોતરૂં વાવેતર કરીને મોટા પ્રમાણમાં ઉત્પાદન લઇ શકે તેમ છે. જેના લીધે ખેડૂતોને ખુબ મોટો આર્થિક ફાયદો થઇ શકે તેમ છે. માટે વડી સિંચાઈ યોજનામાં સૌની યોજનાનું પાણી ભરવા માટે યોગ્ય ઘટતું કરવા પત્રના અંતમાં વિનંતી કરી છે.

# અમરેલીમાં બની રહેલ નવા બસપોર્ટનો પ્રારંભ કરો

## છેલ્લા પાંચેક વર્ષથી ગોકળગાયને પણ શરમ આવે તેરીતે ચાલતી કામગીરીથી બસપોર્ટ શરૂ થઈ શકતું નથી



અતુલ કારીયા અમરેલી, તા.

અમરેલીનાં હયાત બસ સ્ટેન્ડનાં સ્થળે છેલ્લા પાંચેક વર્ષથી બસપોર્ટની કામગીરી શરૂ હોય નિયત સમય મર્યાદામાં બસપોર્ટનું નિર્માણ થયું નથી ને બીજી તરફ હંગામી બસ સ્ટેન્ડમાં મુસાફરો માટેની કોઈ સુવિધા ન હોવાથી મુસાફરવર્ગમાં નવા બસપોર્ટનો ઝડપથી પ્રારંભ થાય તેવી માંગ ઉભી થઈ છે.

જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી ગોકળગાયની ગતિને પણ શરમ આવે તે રીતે બસ પોર્ટની કામગીરી થઈ રહી છે. બીજી તરફ હંગામી બસ સ્ટેન્ડમાં ઉડતી ધુળની ડમરીઓ, શૌચાલયની નર્કાગારની સ્થિતિ, ડ્રાઈવર-કંડકટરનાં આરામ માટેનાં રૂમની ભંગાર હાલત, ખિસ્સાકાતરૂઓની સમસ્યાથી મુસાફરવર્ગ ત્રાહીમામ હોય નવનીયુકત ધારાસભ્ય અને સાંસદે હંગામી અને નિર્માણ થયેલ બસપોર્ટની મુલાકાત લઈને યુધ્ધનાં ધોરણે બસપોર્ટનો પ્રારંભ કરાવવો જોઈએ તેવી માંગ ઉભી થઈ રહીછે.

## પોલીસ સમાચાર

### રાજુલાનાં છતડીયા ગામે કાર ચાલકે હડફેટે લેતા કાકાની નજર સામે ભત્રીજીનું મોત

અમરેલી, તા.

રાજુલા ગામે રહેતા કિરણભાઈ ઉર્ફે કૌશિકભાઈ બચુભાઈ શિયાળ નામનાં ૨૧ વર્ષીય યુવક ગત તા. ૧૮નાં રોજ રાત્રીનાં ૧૦ વાગ્યાનાં સમયે પોતાના મોટાભાઈ હાર્દિકભાઈની ૩ વર્ષીય પુત્રી ઉર્વશીબેને આઈસ્કીમ ખાવાની જીદ કરતા કાકા કિરણભાઈ તથા હમીરભાઈ મહેશભાઈ સાથે પોતાના મોટર સાયકલ નં. જી.જે.-૧૪ એએન ૬૩૦૫ ઉપર આઈસ્કીમ ખાવા ગયા બાદ પરત પોતાના ઘર તરફ આવતા હતા ત્યારે સામેથી આવતી ફોર વ્હીલ નં. જી.જે.-૧૪ એએ ૭૨૭૦નાં ચાલકે આ બાઈક સાથે ધડાકાભેર અથડાવી દેતા બાઈકમાં બેઠેલ બાળકી સહિત ત્રણેય નીચે ફંગોળાઈ જતાં બાળકીસહિત ત્રણેયને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે દવાખાને ખસેડવામાં આવતા ફરજ પરનાં તબીબે બાળકીને મરણ પામેલ જાહેર કરેલ હતી. આ બનાવ અંગે રાજુલા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### ચમારડી ગામે અગમ્ય કારણોસર યુવકે ઝાડ સાથે દોરી બાંધી ગળાફાંસો ખાધો

અમરેલી, તા.

બાબરા તાલુકાના ચમારડી ગામે રહેતા હરસુરભાઈ કાકુભાઈ ચારોલીયા નામના ૨૦ વર્ષીય યુવકે ગત તા. ૧૮ના રોજ સાંજે પોતાના બાપુજીએ ભાગવી રાખેલ વાડીએ જીરૂમાં પાણી વાળવા ગયેલ. ત્યારે કોઈ અગમ્ય કારણોસર પોતાની મેળે વાડીની બાજુમાં આવેલ પીપળના ઝાડ સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ લેતાં તેમનું મોત થયાનું બાબરા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### જમણવારમાં ટીફીન ભરવા બાબતે ડખ્ખો થતાં યુવકને ઢીકાપાટુ, મહિલાને છરી ઝીંકી

અમરેલી, તા.

સાવરકુંડલા ગામે રહેતા પ્રવિણભાઈ દેવેન્દ્રભાઈ વાઘેલાના ભાઈ પ્રદિપભાઈને તે જ ગામે રહેતા ગોવિંદભાઈ ધનુભાઈ ડેડાણીયા સાથે જમણવારમાં ટીફીન ભરવા બાબતે બોલાચાલી થયેલ. તે વાતનું મનદુ:ખ રાખી સામાવાળા ગોવિંદભાઈ ડેડાણીયા સહિત ૪ લોકોએ પ્રદિપભાઈને ગાળો આપી ઢીકાપાટુનો માર મારી તથા તેમના બહેનને છરી હાથની હથેળીમાં મારી ૧૦ ટાંકા આવે તેવી ઈજા કર્યાની ફરિયાદનોંધાઈ છે.


## અવસાન નોંધ

અમરેલી : ઠા. હિંમતલાલ જગજીવનદાસ ભીમજીયાણી (ચલાલાવાળા) (ઉ.વ.૮૫) તે તરૂણભાઈ તથા છાયાબેન માધવાણીના પિતાજી તેમજ રવિભાઈ તથા ધાર્મિકભાઈના દાદાનું ગુરૂવારે અવસાન થયેલ છે.સદ્ગતની પ્રાર્થનાસભા તા.૨૦ને શુક્રવારના બપોરે ૩ થી ૫ સુધી સંઘવી ધર્મશાળા, ક્રિષ્ના પેટ્રોલપંપની બાજુમાં, અમરેલી ખાતે રાખેલ છે.

# બાબરા : લુણકી નજીક કાર અને ટ્રક વચ્ચે વ્હેલી સવારે અકસ્માત

## ઇંગોરાળાનાં કાર ચાલક યુવકનું ઘટના સ્થળે મોત





અમરેલી, તા.

બાબરા-અમરેલી સ્ટેટ હાઈવે રોડ પર વહેલી સવારે ઈંગોરાળા અને લુણકી ગામની વચ્ચે અલ્ટો કાર અને ટ્રક વચ્ચે જોરદાર અકસ્માત સર્જતા કારચાલકનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતા બાબરા પોલીસ તેમજ ૧૦૮ અકસ્માત સ્થળે દોડી ગઈ હતી અને મૃતક યુવાનને બાબરા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા અને પોલીસ દ્વારા અકસ્માતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ ઘટનાની વિગત અનુસાર બાબરા તાલુકામાં ઈંગોરાળા ગામે રહેતા દ્વારકેસભારથી હસમુખભારથી (ઉ.વ. ૩૦) પોતાની કાર નંબર જી.જે. ૫સી.ઈ. ૫૭૪૭ લઈ વહેલી સવારે પોતાના ગામ તરફ આવી રહ્યો હતો ત્યારે લુણકી અને ઈંગોરાળા ગામની વચ્ચે અમરેલી તરફથી આવી રહેલ ટ્રક નંબર જી.જે.૧૪ ઝેડ. ૬૬૧૩ના ચાલકે જોરદાર ટક્કર મારતા કારનો બુકડો બોલી ગયો હતો અને કાર ચાલકનું ઘટના સ્થળે કમકમાટી ભર્યુ મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી ટ્રક ચાલક ફરાર થઇ ગયો હતો. બાબરા પોલીસ દ્વારા ટ્રકને ડિટેઇન કરી ફરારટ્રક ચાલક વિરૂદ્ધ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. ટ્રકચાલક વિરૂદ્ધ ફરિયાદ મનોજભારથી પ્રભાતભારથી ગોસ્વામી દ્વારા પોલીસમાં નોંધાવેલ છે. અકસ્માતના બનાવની તપાસ પીઆઈ આર.ડી. ચૌધરી ચલાવી રહ્યા છે. મરનાર યુવક દ્વારકેસભારથી અને લાલા તરીકે જાણીતા પરિણીત હતા અને પાંચ વર્ષના બે બાળકો છે તેમજ ગામમાં સસ્તા અનાજની દુકાન ચલાવી ખેતીવાડી કરી પરિવારનું ગુજરાન ચલાવતા હતા. આ બનાવથી ઈંગોરાળા ગામમાં અરેરાટી ફેલાય ગઈ છે.

# ખાંભાનાં સામૂહિક આરોગ્ય કેન્દ્રમાંથી ફિઝિયોથેરાપીનાં સાધનો ગાયબ થઈ ગયા

અમરેલી, તા.

ગુજરાતના પછાત તાલુકામાં ગણાતા ખાંભા તાલુકાના ૫૭ ગામોમાં અકસ્માત બાદ દર્દીઓ ઘૂંટણ તથા સાંધાના દુ:ખાવાના દર્દીઓ સહિતના દર્દીઓની વ્યાપક સંખ્યા હોય તેવા તમામ દર્દીઓ ખાંભા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ફિઝિયોથેરાપિસ્ટની સારવાર માટે આવે છે ત્યાં ખાંભા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ફિઝિયોથેરાપીસ હોવા છતાં કસરતના અને ફિઝિયોથેરાપીની સારવારના સાધનો ન હોવાથી આસપાસના રાજુલા, ઉના, કુંડલા, અમરેલી સારવાર માટે જવું પડે છે. ગરીબઅને મધ્યમ વર્ગની વસ્તી ધરાવતા ખાંભાના દર્દીઓને ફિઝિયોથેરાપિસ્ટની સારવાર માટે આર્થિક રીતે ન પહોંચાતું હોવા છતાં મોંઘા ભાડા ખર્ચીને અને જરૂર પડયે મોંઘા ભાડાની ફોરવલી બાંધીને સારવાર લેવા જવું પડતું હોય.

ખાંભા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ફિઝિયોથેરાપિસ્ટની સારવારના ડાયાથર્મી આઈ.એફ.ટી. ટેન્સ અલ્ટ્રા સાઉન્ડ મસલ સિમ્યુલેટર, સીપીએન, લંબર ટ્રેકશન, સોલ્ડર વીલ, સોલ્ડર પુલી, સ્ટેટીડ સાયકલ, પેરેલલ બાર, મિરર વુડન ટ્રીટમેન્ટ બેડ, સ્ટેન્ડ બેગ, ડમ્બલ્સ, જેલ એકસેરસાઈઝ બોલ, ફિંગર ગ્રીપર, બોલ્સ્ટર, થેરો બેન્ડ સહિતના સારવારના સાધનો ફાળવવા ૨૦૦૫માં ખાંભા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ઉપરોકત સાધનો હતા હાલ આ તમામ સાધનો સામૂહિક આરોગ્ય કેન્દ્રમાંથી ગુમ થયેલ હોય તેની તપાસ કરી કસુરવારો સામે કાર્યવાહી કરવી જરૂરી બની છે.

ઉપરોકત મુદા સહિતની રજૂઆતો ધ્યાને લઈ ખાંભાને ફિઝિયોથેરાપિસ્ટના સાધનો ત્વરિત ફાળવી દર્દીઓને સારવાર મળે તેવા પગલાલેવા મુખ્યમંત્રીને પત્ર પાઠવીને આર.ટી.આઈ. એકટીવીસ્ટ ભીખુભાઈ બાંટાવાળાએ રજૂઆત કરી છે.

# મોરબી જીલ્લાના ચુંટાયેલા ધારાસભ્યોને સવજીભાઈ ધોળકીયાની ટકોર

## પાંચ વર્ષમાં એવા કામ કરો કે ટિકિટ તો ઠીક મંત્રી પદ પણ માંગવા જવું ન પડે, અને દિલ્હીમાં તમારી જરૂર પડે






સન્ની વ્યાસ દ્વારા મોરબી તા ૨૦

મોરબીના શનાળા ગામે આવેલ પટેલ સમાજ વાડીમાં મોરબી સીરામીક એસો. સહિતના ઔધોગિક એસોસિએશન દ્વારા જિલ્લાના પાંચેય ધારાસભ્યોનો સન્માન સમારોહ રાખવામા આવ્યો હતો જેમાં સફળ ઉદ્યોગપતિ અને મોટીવેશનલ સ્પીકર સાવજીભાઈ ધોળકિયા દ્વારા પાંચેય ધારાસભ્યોને એવિ ટકોર કરવામાં આવી હતી કે આગમી પાંચ વર્ષમાં પ્રમાણિક્તા સાથે એવા કામ કરો કે ટિકિટ તો ઠીક મંત્રી પદ પણ માંગવા જવું ન પડે.


મોરબી સીરામીક એસો., પેપર મિલ એસ. સહિતના ઉધોગીક એકમો દ્વારા મોરબી જીલ્લાના પાંચ ધારાસભ્ય જેમાં મોરબીના ધારાસભ્ય કાંતિભાઈ અમૃતિયા, ટંકારાના ધારાસભ્ય દુલર્ભજીભાઈ દેથરીયા, વાંકાનેરના ધારાસભ્ય જીતુભાઈ સોમાણી, હળવદના ધારાસભ્ય પ્રકાશભાઈ વરમોરા અને કાલાવડના ધારાસભ્ય મેઘજીભાઈ ચાવડાનો સન્માન સમારોહ રાખવામા આવ્યો હતો ત્યારે મોરબી જિલ્લા પ્રભારી મંત્રી અને શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરિયા, સાંસદ વિનોદભાઈ ચાવડા, ગુજરાત પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ જયંતિભાઈ કવાડીયા, મોરબી જિલ્લા ભાજપના મહામંત્રી રણછોડભાઈ દલવાડી, મોરબી શહેર ભાજપના પ્રમુખ લાખાભાઈ જારીયા, સહિતના આગેવાનો અને હોદેદારો હાજર રહ્યા હતા તેમજ મોટી સંખ્યામાં મોરબીના ઉદ્યોગકારો સહિતના લોકો હાજર રહ્યા હતા

આ તકે મોરબી સીરામીક એસો.ના પ્રમુખ મુકેશભાઈ કુંડારિયા, હરેશભાઈ બોપલિયા, કિરીટભાઈ ઓગણજા અને વિનોદભાઈ ભડજા તેમજ પેપર મિલ એસો.ના પ્રમુખ વિપુલભાઈ કરોડિયા સહિતના આગેવાનો અને તેની ટિમ દ્વારા પાંચેય ધારાસભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું તેની સાથો સાથ જુદાજુદા જ્ઞાતિ, સમાજ અને સંગઠનો દ્વારા ધારાસભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું ત્યાર બાદ સુરતના હીરાના સફળ ઉધોગપતિ અને મોટીવેશનલ સ્પીકર સવજીભાઈ ધોળકિયાએ પોતાની શૈલીમાં અહીના ઉદ્યોગકારોને ખોટા કામ ન લઈને જવા માટેની ટકોર કરી હતી તો ધારાસભ્યોને જે જવાબદારી લોકોએ આપેલ છે તેને ધ્યાનેરાખીને એટલું જ કહ્યું હતું કે, પાંચ વર્ષ પ્રમાણિક્તાથી કામ કરજો એટ્લે ટિકિટ તો ઠીક મંત્રી પદ પણ માંગશો નહીં તો પણ આપવામાં આવશે એથી આગળ વધીને કહ્યું હતું કે, દિલ્હીમાં પણ આપોઆપ તમારી જરૂરિયાત ઉભી થઈ જશે

# ચલાલાનાં ગૌરવસમી હાઈસ્કૂલનું મકાન પડવા વાંકે ઉભું છે

## આઝાદી પહેલાનાં સમયમાં જે હાઈસ્કૂલની સ્થાપના કરવામાં આવી અને વર્ષો સુધી શ્રેષ્ઠ શિક્ષણ આપતી શાળાની હાલત અતિ દયનીય





અમરેલી,

સરકાર દ્વારા શિક્ષણના વ્યાપને વધારવાની ગુલબાંગો વચ્ચે ચલાળાની ગાયકવાડ વખતની હાઈસ્કુલ જર્જરીત ભૂતિયા મહેલની માફક ઊભી છે અને ૪૦ ગામડાઓને આશીર્વાદરૂપ ગણાતી હાઈસ્કૂલનું શૈક્ષણિક કાર્ય ખોરંભે ચડી ગયું છે.

જિલ્લાના ચલાલાની આર.કે.એમ. હાઈસ્કૂલ ૧૯૪૨ માં સ્થાપના થઈ હતી અને ૧૯૬૦માં આ બિલ્ડિંગનું નિર્માણ થયું હતું. અગાઉ ધોરણ ૮, ૯, ૧૦ અને હાયર સેકન્ડરીના ૧૧ અને ૧૨ સુધીના ૧૦ ઉપરાંતના વર્ગો આ બિલ્ડિંગમાં ચાલુ હતા. ૩૦ થી ૩૫ હજારની વસ્તી ધરાવતા ચલાલા શહેરમાં એકમાત્ર હાઈસ્કૂલમાં ૧૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ હાયર સેકન્ડરી સુધીનો અભ્યાસ કરતા હતા. પરંતુ કર્મની કઠણાઈ કે સરકારી તંત્ર દ્વારા ગ્રાન્ટેડ હાઈસ્કુલને યોગ્ય પ્રોત્સાહન ન મળતા શાળાનું બિલ્ડીંગ જર્જરીત થવા માંડયું અને સમય વીતતા ધોરણ ૮ને પ્રાથમિક શાળામાં સમાવેશ કરતા ધોરણ ૯ અને ૧૦નાં વર્ગો ચાલુ રહ્યા. જયારે પહેલા આજ બિલ્ડીંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ૩૮ જેટલા શિક્ષકોનો સ્ટાફ ધરાવતી આ હાઈસ્કૂલમાં જર્જરિત બિલ્ડીંગમાં વિદ્યાર્થીઓએ શાળામાં આવવાનું ભયના કારણે બંધ કરતા ગયાઅને ધોરણ ૧૧ અને ૧૨ સરકાર દ્વારા બંધ કરી દેવાતા હાલ માત્ર ધોરણ ૯ અને ૧૦ બાજુના બિલ્ડિંગમાં સંસ્થા દ્વારા કાર્યરત રાખીને શૈક્ષણિક કાર્ય શરૂ છે. જયારે ૩૦ થી ૩૫ જેટલા ગામડાઓ માટે આશીર્વાદરૂપ ગણાતી આ હાઈસ્કૂલના ધોરણ ૧૧ અને ૧૨ ના વિદ્યાર્થીઓને અમરેલી, ધારી, સાવરકુંડલા જેવા સેન્ટર ઉપર અભ્યાસ કરવા જવાની મજબૂરી ઊભી થઈ હોય અને હાલનું જર્જરીત ગાયકવાડ વખતનું બિલ્ડીંગના ઓરડાઓ સ્લેબમાંથી જ ધરાશાહી થઈને નીચે પડયા હોય. ત્યારે સરકાર આ ઉચ્ચતર માધ્યમિક હાઈસ્કૂલને ફરી પ્રોત્સાહન આપે તો ચલાલા શહેર અને ૩૦ થી ૩૫ જેટલા ગામડાઓના વિદ્યાર્થીઓની અભ્યાસની ઝંખનાઓ પરિપૂર્ણ થાય તેવું વિદ્યાર્થીઓના વાલી ઈચ્છી રહ્યા છે.

# મોરબીમાં અકસ્માતનો ભોગ બનેલ દર્દીને મદદ કરનારનુ કલેકટર-ડીવાયએસપીના હસ્તે સન્માન




સન્ની વ્યાસ દ્વારા મોરબી તા ૨૦

માત્ર મોરબી જ નહિ સમગ્ર દેશમાં પ્રતિદિન રોડ અકસ્માત થતા રહે છે જે રોડ અકસ્માતમાં નિર્દોષ માનવ જિંદગી હોમાતી જાય છે ત્યારે મોરબીના સેવાભાવીએ રોડ અકસ્માતમાં ઘવાયેલા દર્દીને તુરંત હોસ્પિટલ પહોંચાડી માનવીય સહાયતા કરી હોય જે બદલ જીલ્લા કલેકટર અને ઈન્ચાર્જ એસપીના હસ્તે સન્માન કરાયું હતું

મોરબી જીલ્લા કલેકટર જી ટી પંડ્યા અને ઈન્ચાર્જ એસપી પી એસ ગોસ્વામીના હસ્તે મોરબીના સેવાભાવી સંજયભાઈ મહીપતભાઈ શેઠને સર્ટીફીકેટ અર્પણ કરી સન્માન કરાયું હતું સંજયભાઈ શેઠ દ્વારા રોડ અકસ્માતના દર્દીને તુરંત મેડીકલ સહાયતા મળે તે માટે હોસ્પિટલ ખસેડવામાં મદદ કરી હતી જે ઉમદા કાર્ય બદલ તેમનું સન્માન કર્યું હતું તેમજ અન્ય નાગરિકો પણ રોડ અકસ્માતના દર્દીઓને તાકીદે સારવાર મળે તે માટે જરૂરી મદદ કરે તેવી અધિકારીઓએ અપીલ કરી હતી.

# આજે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ ખોડલધામમાં

## પ્રાણ પ્રતિષ્ઠાના સાતમા વર્ષે યજ્ઞ-પૂજા સહિતના કાર્યક્રમમાં હાજરી આપી ધજા ચડાવાશે



રાજકોટ,

રાજકોટ જીલ્લાના કાલાવડ ખોડલધામના પ્રાણ પ્રતિષ્ઠાના સાતમા વર્ષે આજે ભવ્ય કાર્યક્રમો યોજવામાં આવ્યા છે તેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલથી માંડીને અર્ધુ પ્રધાન મંડળ ઉપસ્થિત રહેશે. વિધાનસભા ચૂંટણી બાદ બીજી વખત શાસનધુરા સંભાળ્યા પછી મુખ્યમંત્રી પ્રથમવાર ખોડલધામના દર્શન કરશે.લેઉવા પટેલ સહિત સર્વસમાજના ધાર્મિક સ્થાન બનેલા ખોડલધામને છ વર્ષ પુર્ણ થયા છે. આજે પ્રાણ પ્રતિષ્ઠાનું સાતમુ વર્ષ શરૂ થઈ રહ્યું હોવાથી ભવ્ય ધાર્મિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રી ખોડલધામ મંદિરે કાલે ભારતભરના કધવીનર, સહકધવીનર, સ્વયંસેવક, મહિલા સમીતી, સામાજીક આગેવાનો તથા દાતાઓની મીટીંગ તથા સભા યોજવામાં આવી છે.

સવારે ૮થી૧૦ વાગ્યા સુધી લોકડાયરો યોજવામાં આવશે અને ત્યારબાદ કધવીનરો દ્વારા વૈદિક હવન અને ધ્વજાજીનું પૂજન કરવામાં આવશે. સવારે ૮થી૧૦ મીટીંગ, લોકડાયરો સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમો બાદ ધાર્મિક કાર્યક્રમો થશે. મુખ્યમંત્રીના હસ્તે બાવન ગજનની ધ્વજા ચડાવવામાં આવશે.

ખોડલધામ મંદિરના ઈતિહાસમાં ૨૧ જાન્યુઆરીનો દિવસ વિશેષ સ્થાન ધરાવે છે. શિલાન્યાસ, શિલાપૂજન સમારોહ, જાજરમાન, સમૂહ લગ્નોત્સવ, પ્રાણપ્રતિષ્ઠા, કૃષિમેળા, ખેલ મહાકુંભ જેવા કાર્યક્રમો આ દિવસે જ યોજવામાં આવ્યા હતા અને ગીનીસ બુક ઓફ રેકોર્ડ, ઈન્ડીયા બુક ઓફ રેકોર્ડ, એશિયા બુક ઓફ રેકોર્ડ, ગોલ્ડન બુક ઓફ રેકોર્ડમાં કીર્તિમાનો સ્થાપેલા છે.

આજે ઐતિહાસિક દિવસે અનેકવિધ જાજરમાન કાર્યક્રમોમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, ઉપરાંત કેબીનેટ પ્રધાનો રાઘવજી પટેલ, હર્ષ સંઘવી, કુંવરજી બાવળીયા, ભાનુબેન બાબરીયા, મુળુભાઈ બેરા, પ્રફુલભાઈ પાનસેરીયા, નાયબ દંડક કૌશિક વેકરીયા સહિત અર્ધુ પ્રધાનમંડળ હાજર રહેશે.

# પડધરીના ખોડાપીપર ગામે ડિગ્રી વગર કલીનીક ચલાવતો ડોકટર પકડાયો

### ઈન્જેકશન, સીરીજ, ગ્લુકોઝના બાટલાઓ, એન્ટીબાયોટીક દવાઓનો જથ્થો જપ્ત






રાજકોટ,

પડધરીના ખોડાપીપર ગામે રૂરલ એસઓજીએ દરોડો પાડી ડિગ્રી વગર તબીબી પ્રેકટીસ કરતા બોગસ ડોકટરને ઝડપી લીધો હતો.

પોલીસ અધિક્ષક જયપાલસિંહ રાઠોડ દ્વારા જીલ્લામાં ગેરકાયદેસર રીતે દવાખાનાઓ ખોલી બોગસ દસ્તાદવેજો અને સર્ટીફીકેટ રાખી લોકોની જીંદગી સાથે ચેડા કરતા બોગસ ડોકટરો સામે કાયદેસર કાર્યવાહી કરવા માટે સુચના કરવામાં આવેલ હોય, જે અનુસંધાને એસ.ઓ.જી. પોલીસ ઈન્સાપેકટર કે.બી.જાડેજા માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. પો.સબ ઈન્સો બી.સી.મીયાત્રા તથા કે.એમ.ચાવડા સ્ટા ફ સાથે પડધરી પોલીસ સ્ટેરશન વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાવન સંયુકત બાતમી આધારે હકિકત મળેલ કે, પડધરી તાલુકાના ખોડાપીપર ગામ ખાતે ભૌમિકસિંહ રાજેન્દ્રવસિંહ સોલંકી રહે. ખોડાપીપર ગામ ગેઈટ નંબર-૧ પાસે તા.પડધરી જી.-રાજકોટ વાળો કોઈપણ ડોકટરી સર્ટી વગર ખોડાપીપર ગામે દ્રિશીકા કલીનીક નામે દવાખાનું ચલાવે છે. જે મળેલ હકિકત વાળી જગ્યા.એ રેઈડ કરી ગેરકાયદેસર પ્રેકટીસ કરતા ડોકટરને પકડી પાડી પડધરી પો.સ્ટેટ. ખાતે ગુન્હો રજીસ્ટેર કરાવી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. એસ.ઓ.જીએ ઈન્જેવકશન તથા સીરીજ તથા નાના-મોટા ગ્લુકોઝના બાટલાઓ જુદા-જુદા રોગોની એન્ટીબાયોટીક દવાઓ જેની કુલ કિંમત ૧૬,૨૪૮ કબ્જો કરી હતી.

આ કાર્યવાહીમાં રૂરલ એસ.ઓ.જી.ના પો.હેડ. કોન્સા હિતેષભાઈ અગ્રાવત, વિજયભાઈ વેગડ તથા પો.કોન્સન. રણજીતભાઈ ધાધલ જોડાયા હતા.

# જુનાગઢમાં ટીંબાવાડી વિસ્તારમાં રહેણાક મકાનમાં જુગાર રમતી ચાર મહિલા સહિત ૧૪ ઝડપાયા

### રોકડ, મોબાઈલ સહિત રૂ. ૧.૪૭ લાખનો મુદ્દામાલ જપ્ત

જુનાગઢ

રોકડ, મોબાઈલ રેન્જિના આઈ.જી. પી. મયંરસિંહ ચાવડા તથા જુનાગઢ જીલ્લાનાં પોલીસ અધિક્ષક રવિતેજા વાસમસેટ્ટી તથા ઈન્ચાર્રજ પોલીસ અધિકારી મનોહરસિંહ જાડેજા સુચના તથા નાયબ પોલીસ અધિક્ષક હિતેષ ધાંધલ્યાના માર્ગદર્શન હેઠળ જુનાગઢ ટીંબાવાડી, બજરંગ ચોકમાં, દર્ગાહની સામે રહેતા કાળાભાઈ ઈશાકભાઈ પલેજા પોતાના કબ્જા ભોગવટાની રહેણાંક મકાને જુગાર રમાડતા ૧૪ શખ્સો ને કુલ કિ. ૧,૪૭,૬૫૦ મુદામાલ સાથે ઝડપી લીધા છે.

આ રેડમાં પોલીસે કાળાભાઈ ઈશાકભાઈ પલેજા જાતે ગામેથી ઉ.૫૯ રહે. જુનાગઢ, ટીંબાવાડી, બજરંગ ચોક, દરગાહની સામે, સેજાદ સતારભાઈ મકરાણી જાતે બ્લોર મુસ્લીમ ૨૪ રહે. ભારત મીલના ઢોરા ઉપર, માસુમ શાની દરગાહ પાસે જુનાગઢ, ઈફરાનભાઈ ઈસ્માઈલભાઈ હાલા જાતે ગામેતી ઉ.૨૨ રહે. ચોબારી તા. જી. જુનાગઢ, મહમદભાઈ યુસુફભાઈ હાલા જાતે ગામેતી ઉ.૩૨ રહે. ચોબારી તા. જી. જુનાગઢ, મુસ્તપકભાઈ મહમદભાઈ પીંજારા જાતે કપડવંજી મુસ્લીલમ ઉ.૨૪ રહે. બુકર ફળીયા, અજંટા સીનેમા પાસે જુનાગઢ, મેહબુબભાઈ હશનભાઈ કુરેશી જાતે સિપાઈ મુસ્લીમ ઉ.૪૦ રહે. હર્ષદનગર, ખામધ્રોળ રોડ જુનાગઢ હસનભાઈ મહમદભાઈ પીંજારા જાતે કપડવંજી મુસ્લીમમ ઉ.૨૯ રહે. બુકર ફળીયા, અજંટા સીનેમા પાસે જુનાગઢ, ઈબ્રાહીમભાઈ ઓસમાણભાઈ પઠાણ જાતે સિપાઈ ઉ.૨૧ રહે. ધોરાજી ખાટકીવાડા જી. રાજકોટ, જયેશભાઈ જગદીશભાઈ મેઘનાથી જાતે બાવાજી ઉ.૨૫ રહે. ધારગઢ દરવાજા, સુખનાથ ચોક, જુનાગઢ, મકસુદ કાસમભાઈ હાલા જાતે ગામેતી ઉ.૩૫ રહે. ચોબારી તા. જી. જુનાગઢ


તસવીર : દિલિપ ગોહેલ

જયોતીબેન દિલીપભાઈ ભટ્ટ જાતે બ્રાહ્મણ ઉ.૩૫ રહે. ધોરાજી હોકરાના કાંઠે જી. રાજકોટ યાસ્મીનબેન જાહીદભાઈ પઠાણ જાતે મુસ્લીઈમ ઉ.૩૪ રહે. ધોરાજીના કાંઠે જી. રાજકોટ ફાતમાબેન મુસાભાઈ મતવા જાતે મુસ્લીમ ઉ.૫૦ રહે. ધોરાજી હોકરાના કાંઠે જી.રાજકોટ શબ્બીરનાબેન કાળાભાઈ પલેજા જાતે ગામેતી ઉ.૩૫ રહે. ટીંબાવાડી, બજરં ચોક, દર્ગાહની સામે જુનાગઢ ધરપકડ કરી છે.

આ કામગીરી જુનાગઢ સી ડીવીઝન પોલીસ સ્ટેશેનના પોલીસ સબ ઈન્સ . જે.એમ.વાળા એએસઆઈ એન.વી.રામ ડબલ્યુકએએસઆઈ ડી.ડી.ડાંગર એચસી નિલેશભાઈ ભેટારિયા, સંજયસિંહ રાઠોડ પીસી રોહિતભાઈ ધાધલ, ચેતનસિંહ સોલંકી, દિલીપભાઈ ડાંગર, મનીષભાઈ હુંબલ વિગેરે પોલીસ સ્ટાગફે બજાવી હતી.

# જૂનાગઢમાં વેપારીના મકાનમાં આગ લાગતા ફર્નિચર - ઘરવખરી ખાખ

જૂનાગઢ,

જૂનાગઢમાં એક વેપારીના મકાનમાં સવારે આગ લાગતા વ્યારપક નુકસાન થયું હતું. આગને લઈ ફર્નિચર અને ઘરવખરી ખાખ થઈ ગઈ હતી.

જૂનાગઢમાં જયશ્રી ફાટક પાસે આવેલ જલારામ સોસાયટી શેરી નં. ૧માં રહેતા કાપડીના વેપારી અમૃતલાલ કાનજીભાઈ કારીયાના ડુપ્લેસક્ષ મકાનમાં ઉપરના ભાગે આજે સવારે ૬.૨૩ કલાકે આગ લાગી હતી.

આ અંગેની જાણ થતાં મનપાના ફાયર ઓફિસર દિપક જાનીનાં માર્ગદર્શનમાં નુરમહમદ શેખ, અરજણ નંદાણીયા, મિતુલ મહેતા, વિમલ નંદાણીયાા, જીતુ પંડયા, ગભરૂભાઈ તથા ઈકબાલશા રશીયા સહિતનો સ્ટાચફ બે ગાડી સાથે દોડી ગયો હતો.મકાનમાં લાગેલી આગ એટલી વિકરાળ હતી જેને બુઝાવવા માટે બે કલાક પાણીનો મારો ચલાવવો પડયો હતો.

આગને લઈ સદ્?નશીબે કોઈ જાનમાલ થઈ ન હતી પરંતુ ઘરવખરી, ફર્નીચર, એસી વગેરે બળીને ખાખ થઈ જતાં લાખો રૂપિયાનું નુકસાન થયું હતું.આગ ઈલેકટ્રીક શોર્ટ સર્કિટને કારણે લાગી હોવાનું જણાવ્યું હતું.

# વેરાવળ આમ આદમી પાર્ટી દ્વારા વિજ દર વધારો પાછો ખેંચવા બાબતે કલેક્ટરને આવેદનપત્ર

ઉષા મેરાવાડા ગીર સોમનાથ.

ગુજરાતના લોકો માટે ખુબ માઠા સમાચાર લઈને આવ્યા છે. ગુજરાત વીજ નિયમન પંચે ગુજરાત ઉર્જા વિકાસ નિગમની ૪ કંપનીઓને ફ્યુલ પ્રાઈસ એન્ડ પાવર પરચેઝ એગ્રીમેન્ટ અંતર્ગત યુનિટ દીઠ ૨૫ પૈસાનો વધારો ઝીંક્યો છે. આને કારણે ગુજરાતના વીજ-ગ્રાહકો માથે માસિક ૨૪૫.૮ કરોડ રૂપિયાનો, વાર્ષિક ૨૯૫૦ કરોડ રૂપિયાનો આર્થિક બોજ વધશે.સરકારી પાવર પ્લાન્ટોની ક્ષમતા ઘટાડીને ખાનગી પાવર



પ્લાન્ટોને પ્રોત્સાહન આપવાની ગુજરાત સરકારે શરુ કરેલી નીતિનો ભોગ હવે ગુજરાતની જનતા બની રહી છે. પાવર ઉત્પાદકો અને વિતરણ કરનારાઓ માટે ગુજરાત વીજ નિયમન પંચમાં 'મોસાળમાં જમણ ને માં પીરસે' એવો ઘાટ છે. એમાં ગુજરાતનો વોજ-વપરાશકાર મધ્યમ વર્ગ પીસાઈ રહ્યો છે.હાલમાં શ્રમિક, ખેડૂત, નાના વેપારી અને નાના ઉદ્યોગકારો સહિતનો ગુજરાતનો માધ્યમ અને ગરીબ વર્ગ હાલના સંજોગોમાં મોંઘવારીના ચક્કરમાં પીસાઈ રહ્યો છે. મોંઘવારી અને બે-રોજગારી એના ચરમ પર છે. આવા સંજોગોમાં માસિક ૨૪૫.૮ કરોડનો બોજ મધ્યમ વર્ગનું જીવન દોહ્યલું કરી દેશે.આમ આદમી પાર્ટી-ગુજરાતના અધ્યક્ષ તરીકે, મારી આપને વિનંતી છે કે, આ વધારો તાત્કાલિક રદ કરવા માટે જરૂરી હુકમો કરવામાં આવે.જો આપના દ્વારા જરૂરી હુકમો સમયસર કરીને ભાવ-વધારો પાછો ખેંચવામાં નહિ આવે તો નાછૂટકે ગુજરાતના લોકોના હિતમાં આમ આદમી પાર્ટી-ગુજરાત દ્વારા આંદોલનાત્મક કાર્યક્રમો હાથ ધરવામાં આવશે. જ ચીમકી મેઘજી ચાવડા ગીર સોમનાથ મીડિયા ઈન્ચાર્જ વેરાવળ શહેર ગીર સોમનાથ જિલ્લો. આમ આદમી પાર્ટી એ ઉચ્ચારેલ છે .

# રાજકોટમાં માલધારી ફાટક નજીક વિદેશી દારૂ ભરેલી કાર સાથે એક પકડાયો

રાજકોટ,

રાજકોટઆજી ડેમ પોલીસે બાતમીના આધારે માલધારી ફાટકથી સાંઈબાબા સર્કલ નજીક દરોડો પાડી રૂા. ૧,૫૧,૦૦૦ કિંમતના વિદેશી દારૂની ૩૦૦ બોટલ ભરેલી કાર સાથે રાજસ્થાનના શખ્સલને પકડી લીધો હતો.મળતી વિગત મુજબ માલધારી ફાટકથી સાંઈ બાબા સર્કલ તરફ વિદેશી દારૂ ભરેલી એક કાર નીકળવાની હોવાની આજી ડેમ પોલીસ નજીકના હેડ કોન્સસ. કૃણાલસિંહ ઝાલા અને કોન્સા. વિરેન્દ્રાસિંહ જાડેજાને બાતમી મળતા માલધારી ફાટક નજીક પસાર થતી જીજે ૩ બીવાય ૬૪૩ નંબરની ઈન્ટ્રા વી-૧૦ કારને રોકી તલાશી લેતા તેમાંથી રૂા. ૧,૫૦,૦૦૦ લાખની કિંમતની વિદેશી દારૂની ૩૦૦ બોટલ સાથે ચાલક વિક્રમ શંકરલાલ બીશ્નોઈ (ઉ.વ.૨૨) (રહે. મોખાત્ર રાનીવાળા તા. કરળા, રાજસ્થાઈન)ને પકડી લઈ દારૂનો જથ્થોન અને કાર મળી રૂા. ૨.૫૩ લાખનો મુદામાલ કબ્જે્ કરી કાર્યવાહી કરી હતી. આ કામગીરી પી.એસ.આઈ. જે.કે.ગઢવી, એએસઆઈ યશવંતભાઈ ભગત, હેડ કોન્સા. કૃણાલસિંહ ઝાલા, રાજેશભાઈ જળુ, કોન્સ . વિરેન્દ્રેસિંહ જાડેજા, જયદીપસિંહ ઝાલા તથા જગદીશસિંહ પરમાર દ્વારા કરવામાં આવી હતી.

# સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના ૫૭મો પદવીદાન સમારોહમાં ૪ વિદ્યાશાખાના ૪૩૦૬૨ દિક્ષાર્થીઓને પદવીઓ એનાયત

### ૧૩ વિદ્યાશાખાના ૧૨૬ વિદ્યાર્થીઓને ૧૪૭ ગોલ્ડમેડલ અર્પણ કરાયા : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિ

રાજકોટ,

રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના કાનજી ભુટા બારોટ હોલ ખાતે શિક્ષણ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ અને મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસુરીયાની ઉપસ્થિતિમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો ૫૭મો પદવીદાન સમારોહ યોજાયો હતો. આ તકે આચાર્ય દેવવ્રતજીએ વર્ચ્યુઅલ માધ્યમથી ગૌ-કૃષિ વિદ્યા કેન્દ્રનો શુભારંભ કરાવ્યો હતો, એ સાથે જ સૌરાષ્ટ્ર યુનિવર્સીટી ગુજરાતની પ્રથમ યુનિવર્સિટી બની ગઈ છે કે જ્યાં એકી સાથે એગ્રીકલ્ચર અને એનીમલ હસ્બન્ડરીનો અભ્યાસ કરાવવામાં આવશે.

સૌરાષ્ટ્ર વિશ્વવિદ્યાલયના ૫૭ મા દીક્ષાંત સમારોહમાં કુલાધિપતિ અને રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પદવી મેળવનાર યુવાનોને સંબોધતાં કહ્યું કે, આજથી તમે હવે એક જવાબદાર નાગરિક બન્યા છો. શિક્ષણ વ્યક્તિને જવાબદાર નાગરિક બનાવે છે. તમને શિક્ષિત બનાવનાર ગુરુજનો અને માતા-પિતા પ્રતિ હંમેશા ઋણી રહેજો. હંમેશા સન્માન-આદરભાવ રાખજો. આજે દીક્ષાંત છે, શિક્ષાંત નથી; એમ કહીને રાજ્યપાલશ્રીએ કહ્યું હતું કે, અભ્યાસ દરમિયાન જે પણ જ્ઞાન મળ્યું છે તેનો રાષ્ટ્ર કલ્યાણમાં-સમાજના હિતમાં ઉપયોગ કરજો.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં રાજભવન, ગાંધીનગરથી વર્ચ્યુઅલી જોડાયેલા રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ




તસવીર : દિલિપ ગોહેલ

ગૌ-કૃષિ યુનિવર્સિટીનો રીમોટ કંટ્રોલથી શુભારંભ કરાવ્યો હતો. કૃષિ અને પશુપાલનનો સંયુક્ત અભ્યાસક્રમ ધરાવતી આ પ્રકારની ગુજરાતની આ સૌ પ્રથમ યુનિવર્સિટી છે. શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ગૌ-કૃષિ યુનિવર્સિટી ગુજરાતની નવી પહેલ છે. જેનો અભ્યાસક્રમ પણ તૈયાર થઈ ગયો છે. કૃષિ અને પશુપાલનના પદ્ધતિસરના અભ્યાસથી આવનારા સમયમાં આ ક્ષેત્રોમાં રોજગારીની વિપુલ સંભાવનાઓ સર્જાશે. વિશ્વનું કલ્યાણ થશે. આ યુનિવર્સિટી તેના સંકલ્પમાં સિદ્ધ થાય એવી શુભકામનાઓ તેમણે પાઠવી હતી.

શ્રી આચાર્ય દેવવ્રતજીએ તૈતરીયોપનિષદના સંદર્ભ સાથે કહ્યું હતું કે, યુવાનોએ વ્યવહારિક જીવનમાં હંમેશા સત્યનું આચરણ કરવું જોઈએ. પૂજય મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલ જેવા સપૂતોએ સત્યને જીવન આધાર બનાવ્યો. એ જ રીતે દરેકે હંમેશા સત્યની કસોટીની એરણ પર ખરા ઉતરીને જીવન જીવવું જોઈએ.

યુવાનોને કર્તવ્યપરાયણતા અને પ્રામાણિકતા માટે આગ્રહ કરતાં શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, આજે દેશની સૌથી મોટી સમસ્યા જ એ છે કે લોકો પોતાના અધિકારો માટે જેટલા સજાગ, જાગૃત અને ચિંતિત છે એટલા પોતાના કર્તવ્ય પરત્વે નથી. યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું ઉદાહરણ આપતાં તેમણે કહ્યું કે, ગુજરાતના એક સામાન્ય પરિવારમાં જન્મીને, અનેક સંઘર્ષો સામે લડીને ઉછરેલા શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્રઢ ઈચ્છાશક્તિ, સમર્પણભાવ, પ્રામાણિકતા અને જવાબદારીપૂર્વક એવું જીવન જીવ્યા કે આજે ભારત જેવા મહાન રાષ્ટ્રનું નેતૃત્વ કરે છે. એટલું જ નહીં, માત્ર આઠ વર્ષના શાસનમાં તેમણે સમગ્ર વિશ્વમાં ભારતને ગૌરવભર્યું સર્વોચ્ચ સ્થાન અપાવ્યું છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીમાંથી પ્રેરણા લઈને સૌ યુવાનોને રાષ્ટ્ર અને દેશની સેવાનો સાચો ધર્મ અપનાવવા તેમણે અનુરોધ કર્યો હતો.

શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, દીક્ષાંત એ શિક્ષાંત નથી. જે વિષય ભણ્યા છો તેનો અભ્યાસ નિરંતર ચાલુ રાખજો. અભ્યાસ વિના વિદ્યા લુપ્ત થતી જાય છે. જે વિદ્યા અન્યના કલ્યાણ હેતુ ઉપયોગમાં નથી આવતી એવી વિદ્યાનો કોઈ અર્થ નથી. તેમણે રાષ્ટ્રની ઉન્નતિ માટે, લોકહિત માટે વિદ્યા વાપરવા જણાવ્યું હતું. તેમણે એમ પણ કહ્યું કે, ગમે તેટલી ઉન્નતિ કરો. ધન-યશ-કીર્તિ કમાઓ પણ ક્યારેય માતા-પિતા અને ગુરુનો અનાદર ન કરતા. જેમણે દીપકની જેમ જાત બાળીને તમારા જીવનમાં પ્રકાશ પાથર્યો છે તેમનો યશ વધે, પ્રતિષ્ઠા અને સન્માન વધે એવું જીવન જીવજો.

સૌરાષ્ટ્ર આજતક
Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.

# ડિઝાઇન મ્યુઝિયમ ધ ઓફબીટ સાડી ફેશન શોનું લંડનમાં આયોજન

## ભારતની ૯૦ ડિઝાઇનની સાડીઓ, રેડી ટુ વેર અને સ્ટીલના દોરાવાળી સાડીઓ પણ રહેશે



લંડન,
ભારતીય સાડીઓ યુરોપિયન ફેશન ઈન્ડસ્ટ્રીઝમાં ધૂમ મચાવી રહી છે. સાડીઓની વધતી ફેશનને ધ્યાનમાં લઈને ૧૯મી મેના દિવસે બ્રિટનની રાજધાની લંડનમાં આયોજિત ફેશન શો 'ધ ઓફબીટ સાડી'માં મોડલ સાડીઓમાં રેમ્પ વોક કરશે. આ શો મારફતે દુનિયા સાડીઓની નવી ફેશનથી વાકેફ થશે. હાલમાં જે સાડી ટ્રેન્ડમાં છે તે સાડીઓથી પણ લોકો વાકેફ થશે.આ શોનું આયોજન મ્યુઝિયમ આયોજિત કરે છે. આ પોતાની રીતના ખાસ ફેશન શો તરીકે છે. સાથે સાથે સૌથી મોટા ફેશન શો તરીકે પણ રહેશે. આ શોમાં ભારતમાંથી ૯૦ પ્રકારની સાડીઓ રજૂ કરાશે. જેમાં લોકપ્રિય ફેશન સ્ટુડિયોથી લઈને નવા ફેશન ડિઝાઈનર્સ પણ ભાગ લેશે. તેમાં એવી સાડીઓ પણ રહેશે જે મેટ ગાલા ફેશન શોમાં પ્રથમ વખત પહેરવામાં આવી હતી. લેડી ગાગા જે સાડી પહેરી ચૂકી છે તે સાડી પણ રજૂ કરાશે. આ સાડી લેડી ગાગાએ ૨૦૧૦માં પહેરી હતી.

આ સાડી ફેશન ડિઝાઈનર તરુણ તહલિયાની દ્વારા તૈયાર કરાઈ હતી. આ શોમાં અબુ જાની અને સંદીપ ખોસલા દ્વારા તૈયાર કરવામાં આવેલી એ જાળીદાર સાડી પણ રહેશે જે ૨૦૨૨માં કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં દીપિકા દ્વારા પહેરવામાં આવી હતી. હકીકતમાં આજની યુવા પેઢી સાડીને ખૂબ પસંદ કરે છે. આ હવે પારંપરિક વેશભૂષા તરીકે રહી નથી. હવે દુનિયાભરમાં સાડીઓને યુવતીઓ અને મહિલાઓ ખૂબ પસંદ કરી રહી છે. સાડીઓને નવી નવી સ્ટાઈલથી પહેરવામાં આવે છે.

ફેસ્ટિવલના આયોજકોએ દૈનિક ભાસ્કરને કહ્યું હતું કે છેલ્લાં કેટલાંક વર્ષોમાં સાડીનું સ્વરૂપ બદલાયું છે. સાડી ગાઉનથી લઈને રેડી ટુ વેર સાડી સુધી બજારમાં પહોંચી ગઈ છે. હવે તો સ્ટીલના દોરા વડે બનેલી સાડીઓ પણ બજારમાં આવવા લાગી છે. હવે ડિઝાઈનર સાડીઓના દોરા પર પણ ખૂબ પ્રયોગ થઈ રહ્યા છે. શોનાં ક્યુરેટર પ્રિયા ખાનચંદાની કહે છે કે પાંચ હજાર વર્ષ જૂની સાડીઓ પર ઈતિહાસમાં સૌથી વધારે પ્રયોગ થઈ રહ્યા છે. આ ફેસ્ટિવલથી ભારતીય સાડીઓની ડિઝાઈનની વૈશ્વિક ઓળખ ઊભી થશે.હવે સાડી પહેરવાના તરીકા બદલાઈ રહ્યા છે.

### દેરાસર ગામમાં આ વિચિત્ર પ્રથા ચાલી રહી છે

# પત્ની ગર્ભવતી થતાં જ પતિ કરી લે છે બીજા લગ્ન

## પત્નીને પણ પતિના બીજા લગ્નમાં કોઈ વાંધો નથી, તમામ પક્ષકારોની સંમતિથી વ્યક્તિ બીજી વાર લગ્ન કરે છે

નવી દિલ્હી,
તમામ પ્રકારની વિવિધતાઓ હોવા છતાં, ભારતમાં લગ્નના બંધનને અતૂટ અને પવિત્ર માનવામાં આવે છે. પરંતુ શું તમે જાણો છો કે રાજસ્થાનમાં પહેલી પત્ની જીવતી હોય ત્યારે પણ પતિને ફરીથી લગ્ન કરવાની છૂટ છે. હા! તમે સાચું સાંભળ્યું. પત્નીને પણ પતિના બીજા લગ્નમાં કોઈ વાંધો નથી. તમામ પક્ષકારોની સંમતિથી વ્યક્તિ બીજી વાર લગ્ન કરે છે. રાજસ્થાનના બાડમેર જિલ્લામાં એક ગામ છે, જ્યાં પત્ની ગર્ભવતી થતાં જ પતિને ફરીથી લગ્ન કરવાનું લાયસન્સ મળી જાય છે. આ ગામનું નામ દેરાસર છે. આ ગામ બાડમેરના રણ વિસ્તારમાં ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદની નજીક આવેલું છે. દેરાસર ગામમાં સદીઓથી આ વિચિત્ર પ્રથા ચાલી રહી છે. આ ગામમાં, જ્યારે કોઈ પરિણીત પુરુષની પત્ની ગર્ભવતી બને છે, ત્યારે તે વ્યક્તિ તરત જ ફરીથી લગ્ન કરી લે છે. નવાઈની વાત એ છે કે પત્ની કે તેના પરિવારને પતિના બીજા લગ્ન સામે કોઈ વાંધો નથી. આ પ્રથા હજુ પણ લોકો માટે આશ્ચર્યનો વિષય છે. હવે તમે વિચારતા જ હશો કે શું કારણ છે કે પત્ની પ્રેગ્નન્ટ થતાં જ પતિ બીજા લગ્ન કરી લે છે. વાસ્તવમાં બાડમેર જિલ્લાનો મોટાભાગનો વિસ્તાર રણ વિસ્તાર છે. અહીંના છેવાડાના ગામડાઓમાં પાણીની ભારે તંગી છે. ઉનાળામાં અહીંની સ્થિતિ ખૂબ જ ખરાબ થઈ જાય છે. દેરાસર ગામમાં સામાન્ય રીતે માત્ર મહિલાઓ જ પાણી લાવવાનું કામ કરે છે.

# 2022માં મુંબઈમાં એકંદરે ગુનાખોરીમાં 9 ટકાનો વધારો




## જ્યારે તપાસનો દર ૧૪ ટકા ઘટ્યો: પોલીસ

મુંબઈ,
૨૦૨૧ની સરખામણીમાં ૨૦૨૨માં શહેરમાં એકંદરે ગુનાના ગ્રાફમાં ૯ ટકાનો વધારો નોંધાયો હતો, જ્યારે ગુના શોધવાનો દર ૧૪ ટકા ઘટ્યો હતો. સાઈબર ક્રાઈમના કેસોની નબળી તપાસને કારણે ૨૦૨૨માં સમગ્ર મુંબઈમાં ગુના શોધવાનો દર ઓછો થયો હતો. કોવિડ-૧૯ રોગચાળા પછી, ૨૦૨૧માં નોંધાયેલા આવા ૪૫૩૪ કેસોની સરખામણીમાં ચોરીના કેસોની સંખ્યા ત્રણ ગણી વધીને ૧૪,૮૧૮ થઈ ગઈ છે. એકંદરે સ્ટ્રીટ ક્રાઈમમાં ૨૦૨૨માં ૧૦૦ ટકાનો વધારો નોંધાયો છે, જેમાં ચોરી, હુમલો, વિનયભંગ, લૂંટ અને ચેઈનસ્નેચિંગનો સમાવેશ થાય છે. ગુનાની એકંદર તપાસ ૨૦૨૨માં ૧૪ ટકા ઘટીને ૬૮ ટકા થઈ છે, જે ૨૦૨૧માં ૮૨ ટકા હતી.૨૦૨૨માં મુંબઈમાં એકંદર ગુનામાં ૯ ટકાનો વધારો થયો છે, જે મુખ્યત્વે ચોરી, હુમલો ચેઈનસ્નેચિંગ, લૂંટ અને છેડતી જેવા સ્ટ્રીટ ક્રાઈમની તાત્કાલિક નોંધણીને કારણે છે.દરમિયાન લૂંટ, બળાત્કાર અને છેડતી જેવા ગુનાઓની સંખ્યામાં નજીવો વધારો થયો છે, પરંતુ એ જ સમયે ૨૦૨૨માં હત્યા, ઘરફોડી અને રમખાણો જેવા ગુનાઓમાં ઘટાડો થયો છે. જોકે ગંભીર ગુનાઓની નોંધણીમાં નજીવો વધારો જોવા મળ્યો હતો, એવું અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.મુંબઈમાં બળાત્કારના કેસોની સંખ્યા ૨૦૨૧માં ૮૮૮થી વધીને ૨૦૨૨માં ૯૮૪ થઈ છે. છેડતીના ગુનાઓ પણ ૨૦૨૧માં ૨૦૭૬થી વધીને ૨૦૨૨માં ૨૩૪૭ થયા હતા. અન્ય કેસોમાં દહેજ સંબંધિત કેસોની સંખ્યામાં નજીવો વધારો જોવા મળ્યો હતો, એવું અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

# કોંગોમાં સામૂહિક કબરોમાંથી મળ્યા ૪૯ મૃતદેહો ૬ બાળકોને પણ દફનાવાયા હતા



કોંગો,
મધ્ય આફ્રિકન દેશ કોંગોમાં સપ્તાહના અંતમાં શ્રેણીબદ્ધ હુમલા બાદ ૪૯ નાગરિકોના મૃતદેહ ધરાવતી સામૂહિક કબરો મળી આવી છે. સંયુક્ત રાષ્ટ્રે આ માહિતી આપી છે. આ હુમલાઓ માટે સ્થાનિક મિલિશિયાને જવાબદાર ગણવામાં આવે છે. યુએનના ડેપ્યુટી પ્રવક્તા ફરહાન હકે બુધવારે ન્યૂયોર્કમાં પત્રકારોને જણાવ્યું હતું કે ઈતુરી પ્રાંતના બે ગામોમાં આ કબરો મળી આવી છે. બુનિયા શહેરથી ઈતુરી પ્રાંત લગભગ ૩૦ કિલોમીટર દૂર છે.

ફરહાન હકના જણાવ્યા અનુસાર, ન્યામ્બા ગામમાં એક સામૂહિક કબરમાંથી છ બાળકો સહિત કુલ ૪૨ મૃતદેહો મળી આવ્યા હતા, જ્યારે સ્ર્બ્ગ્નૈ નામના અન્ય ગામમાં સાત અન્ય પુરુષોના મૃતદેહ મળી આવ્યા હતા. યુએનના ડેપ્યુટી પ્રવક્તાએ ન્યૂયોર્કમાં જણાવ્યું હતું કે સપ્તાહના અંતે કોડેકો મિલિશિયા દ્વારા નાગરિકો પર હુમલાના અહેવાલો મળતાં જ શાંતિ રક્ષકોએ આ વિસ્તારમાં પેટ્રોલિંગ કરવાનું શરૂ કર્યું હતું. આ હુમલા ત્યારે થયા છે જ્યારે સામૂહિક કબરો મળી આવી છે.

સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું છે કે ગામડાઓ પર હુમલા દરમિયાન આતંકવાદીઓએ ઘણી મહિલાઓનું અપહરણ પણ કર્યું હતું. ગયા જૂનમાં સાત કોડેકો જૂથોએ ઈતુરીમાં નાગરિકો સામે હિંસાનો અંત લાવવાની જાહેરાત કરી હતી, મુખ્યત્વે ઝુગુ પ્રદેશમાં જ્યાં તેઓ ખૂબ જ સક્રિય હતા. તેમ છતાં તેઓએ ધીમે ધીમે આ વિસ્તારમાં હુમલા શરૂ કરી દીધા છે. કોડેકો મિલિશિયા અને અન્ય સશસ્ત્ર જૂથો દ્વારા હુમલાઓની શ્રેણીમાં ડિસેમ્બરથી ઓછામાં ઓછા ૧૯૫ લોકો માર્યા ગયા છે, યુએનએ જણાવ્યું હતું. ઈતુરી પ્રાંતમાં સંઘર્ષને કારણે ૧.૫ મિલિયનથી વધુ લોકો વિસ્થાપિત થયા છે.

કોડેકો એ કોંગોના સંઘર્ષગ્રસ્ત પૂર્વમાં કાર્યરત કેટલાક લશ્કરોમાંનું એક છે અને તેના લડવૈયાઓ મુખ્યત્વે લેંડુ ખેતી સમુદાયમાંથી છે. લેંડુ સમુદાય લાંબા સમયથી હેમા પશુપાલકો સાથે સંઘર્ષમાં છે, અને સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું છે કે કોડેકો આતંકવાદીઓએ ગામડાઓ પરના તાજેતરના હુમલા દરમિયાન ઘણી સ્ત્રીઓનું અપહરણ કર્યું છે. યુએનએ કહ્યું છે કે આ મહિને જૂથો વચ્ચે સંઘર્ષ ભડક્યો છે.



# શાહરુખ ખાને કર્યા કો-સ્ટાર દીપિકા પાદુકોણના વખાણ

મુંબઈ,
શાહરુખ ખાન, દીપિકા પાદુકોણ અને જૉન અબ્રાહમ સ્ટારર ફિલ્મ પઠાણ ગણતરીના દિવસોમાં રીલિઝ થવાની છે. ફિલ્મના ગીત બેશરમ રંગ પર ખૂબ જ વિવાદ થયો હતો. હજી પણ ફિલ્મનો બહિષ્કાર કરવાની માંગ ઉઠી રહી છે. લોકો ગીત સિવાય વિવિધ કારણોસર શાહરુખ ખાનનો પણ વિરોધ કરી રહ્યા છે. ગુજરાતમાં પણ ફિલ્મની રીલિઝ પર પ્રતિબંધ મૂકવાની અમુક ધાર્મિક સંગઠનોએ માંગ કરી છે. પરંતુ અત્યાર સુધી ફિલ્મના મેકર્સ અથવા શાહરુખ ખાન અને દીપિકા પાદુકોણે આ બાબતે કોઈ જ ટિપ્પણી નથી કરી. શાહરુખ ખાન ચોક્કસપણે બેશરમ રંગ ગીતના વિવાદ પર કંઈ નથી બોલ્યો, પરંતુ તેણે આ ગીતને લગતો અનુભવ તાજેતરમાં શેર કર્યો છે.

યશરાજ ફિલ્મ્સે શાહરુખ ખાનનો પઠાણને લગતો એક ઈન્ટર્વ્યુ શેર કર્યો છે. અહીં કિંગ ખાન એક પછી એક સવાલોના જવાબ આપી રહ્યો છે. તે પોતાના કો-સ્ટાર જૉન અબ્રાહમ અને દીપિકા પાદુકોણ વિશે પણ ખુલીને વાત કરે છે. ઈન્ટર્વ્યુમાં તેને બેશરમ રંગ વિશે પણ પૂછવામાં આવે છે. પ્રશ્ન હતો કે, બેશરમ રંગ ગીતનું શૂટિંગ સ્પેનમાં કરવામાં આવ્યુ હતું, તો તમારો શૂટિંગનો અનુભવ કેવો રહ્યો હતો?

શાહરુખ ખાને આ પ્રશ્નના ઉત્તરમાં દીપિકા પાદુકોણના વખાણ કર્યા હતા. તેણે જણાવ્યું કે, દીપિકા શાનદાર છે. તેણે એક્શન સિક્વન્સ પણ જબરદસ્ત કરીછે. બેશરમ રંગ ગીત માટે દીપિકા જેવી જ કોઈ જોઈતી હતી. જેની હાઈટ પણ વધારે હોય. જ્યારે તમે ફિલ્મ જોશો તો તમને સમજાશે.

# સાઉથ આફ્રિકાના સ્ટાર ખેલાડી હાશિમ અમલાએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટને કહી અલવિદા




નવીદિલ્હી,
સાઉથ આફ્રિકાના સ્ટાર ખેલાડી હાશિમ અમલાએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહી દીધું છે. ૩૯ વર્ષીય અમલાએ કહ્યું કે, હું તમામ ખેલાડીઓ અને ટીમના સભ્યોનો આભાર વ્યક્ત કરું છું જેમણે મને અત્યાર સુધી સહકાર આપ્યો છે. સાથે જ ટીમને શુભકામનાઓ પાઠવું છું કે તેઓ બહુ બધી ઉપલબ્ધીઓ હાંસલ કરે. આમલા દક્ષિણ આફ્રિકા માટે સૌથી વધુ ટેસ્ટ રન બનાવનારો બીજો બેટર છે.

અમલાએ ૧૨૪ ટેસ્ટમાં ૪૬.૬૪ની સરેરાશથી ૯૨૮૨ રન બનાવ્યા છે. તે જેક્સ કેલિસના ૧૩૨૦૬ રન બાદ બીજા ક્રમે છે. અમલાએ ૨૦૦૪થી ૨૦૧૯ સુધી આફ્રિકા માટે તમામ ફોર્મેટમાં ૧૮૬૭૨ રન બનાવ્યા છે. આ દરમિયાન તેણે વન-ડેમાં ૨૭ સદી બનાવી છે. આ રેકોર્ડને અત્યાર સુધી આફ્રિકાનો કોઈ બેટર તોડી શક્યો નથી. તે આઈપીએલમાં કિંગ્સ ઈલેવન પંજાબ વતી રમી ચૂક્યો છે.

ઉલ્લેખનીય છે કે, ૨૦૧૨માં ધ ઓવલમાં ઈંગ્લેન્ડ વિરુદ્ધ અમલાએ ૩૧૧ રનની ઈનિંગ રમી હતી. આ દક્ષિણ આફ્રિકાના કોઈ બેટર દ્વારા બનાવવામાં આવેલો સર્વોચ્ચ સ્કોર છે. તે સરે ટીમનો હિસ્સો હતો જેણે ૨૦૨૨માં કાઉન્ટી ચેમ્પિયનશિપ જીતી હતી. અમલાએ ૧૮૧ વન-ડે આંતરરાષ્ટ્રીય મેચમાં ૪૯.૪૬ની સરેરાથી ૮૧૧૩ રન બનાવ્યા છે. જ્યારે ૪૪ ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચમાં ૩૩.૬૦ની સરેરાશથી ૧૨૭૭ રન બનાવ્યા છે.

# ગિલને જોઈને સ્ટેડિયમમાં સારા-સારાના નારા લાગ્યા



## શુભમન ગિલનું નામ બોલવાને બદલે સ્ટેડિયમમાં બેઠેલા ચાહકોએ ક્રિકેટરને સામે જોઈને સારા-સારા બોલવાનું શરૂ કરી દીધું હતું

મુંબઈ,
શુભમન ગિલ આ દિવસોમાં ચર્ચામાં છે. અંગત જીવનમાં તેમજ ક્રિકેટના મેદાન પર ચોગ્ગા અને છગ્ગા ફટકારવા માટે પણ તે ઘણો ચર્ચામાં છે. ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટ્સમેન પોતાની બેટિંગની સાથે સાથે ડેટિંગના સમાચારોને કારણે હેડલાઈન્સમાં રહે છે. ભારત-ન્યૂઝીલેન્ડ મેચમાં શાનદાર ઓપનિંગ કરીને ચાહકોના દિલ જીતી લીધા. શુભમનની બેવડી સદી ફટકારતો એક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે, પરંતુ આ વીડિયો ન્યૂઝીલેન્ડની મેચનો નથી પરંતુ શ્રીલંકા સાથેની મેચનો છે. જેમાં શુભમન ગિલનું નામ બોલવાને બદલે સ્ટેડિયમમાં બેઠેલા ચાહકોએ ક્રિકેટરને સામે જોઈને 'સારા-સારા' બોલવાનું શરૂ કરી દીધું હતું. શુભમન ગિલનું નામ સારા અલી ખાન અને સારા તેંડુલકર બંને સાથે જોડાયેલું હોવાથી મૂંઝવણ છે. શુભમન ગિલનું નામ બે સુંદરીઓ સાથે જોડાયેલું છે અને સંયોગ જુઓ, બંનેનું નામ સારા છે. બેવડી સદી ફટકારનારા ક્રિકેટર આ દિવસોમાં સોશિયલ મીડિયા પર છવાયેલો છે. ક્રિકેટના મેદાનમાંથી શુભમનનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે, જેમાં સ્ટેડિયમમાં બેઠેલા દર્શકો 'સારા-સારા' ના નારા લગાવી રહ્યા છે. આ વીડિયોમાં જોવા મળી રહ્યું છે કે જેમ જ શુભમન ગિલ બોલ પાછળ દોડતા સ્ટેડિયમની બાઉન્ડ્રી સુધી પહોંચ્યો તો ત્યાં બેઠેલા પ્રેક્ષકો સારા-સારા કહેવા લાગ્યા. જો કે દર્શકોના આ સ્લોગન પર ક્રિકેટર તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. હવે ચાહકો સારા અલી ખાન કે સચિન તેંડુલકરની પુત્રી સારા તેંડુલકરનું નામના નારા લગાવી રહ્યા છે, તેને લઈને મૂંઝવણ છે. શુભમન ગિલનું નામ સારા તેંડુલકર સાથે પણ જોડાયેલું છે અને તે ઘણી વખત સારા અલી ખાન સાથે જોવા મળ્યો છે. તમને જણાવી દઈએ કે આ પહેલા શુભમન ગિલ વિશે સમાચાર આવ્યા હતા કે તે ક્રિકેટર સારા તેંડુલકરને ડેટ કરી રહ્યો છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી સારા અલી ખાનનું નામ જોડાઈ રહ્યું છે. વર્ષની શરૂઆતમાં સારા અલી ખાન અને શુભમન જયપુર એરપોર્ટ પર સાથે જોવા મળ્યા હતા. એવી અટકળો પણ ચાલી રહી હતી કે બંનેએ નવું વર્ષ એકસાથે સેલિબ્રેટ કર્યું હતું.

# રાજકોટમાં શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને યુવા સંમેલન મળ્યું

## યુવાનોને પોતાનાં કૌશલ્યોનો રાષ્ટ્ર વિકાસમાં ઉપયોગ કરવા આહ્વાન








તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,

શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને રાજકોટની ઓમ કોલેજ ખાતે યુવા સંમેલન યોજાયું હતું. જેમા મંત્રી દ્વારા નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિથી યુવાનોનું ઘડતર અને રાષ્ટ્રવિકાસમાં યુવાનોની ભાગીદારી વિષય પર યુવાનોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.શિક્ષણમંત્રી પાનશેરિયાએ યુવાનોન કૌશલ્યના ઉપયોગ કરી પોતાના સામર્થ્યને અનુરૂપ શિક્ષણની તિદ્વારા કેળવણી મેળવી રાષ્ટ્રવિકાસમા યોગદાન આપવા માટે હાકલ કરી હતી. સાથે જ યુવાનોને જીવનમાં હકારાત્મક રહી સંઘર્ષ સાથે આગળ વધવા માતે પણ મંત્રી એપ્રેરણા આપી હતી. મંત્રી એ યુવાનોને નિરાશાથી દૂર રહેવા, નિર્વ્યસની બનવા અને શ્રમના મંત્રને જીવનમા ઉતારવા માટ અપીલ કરી હતી.મંત્રીએગુરુકુળપરંપરા, ગાંધી વિચારધારાની લોકશાળાઓ વગેરે ભારતીય શિક્ષણપરંપરાના વારસાને નવીશિક્ષણની તિદ્વારા ફરી જાગૃત કરવામાં આવશે તેવા વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. નવી શિક્ષણ નીતિમાં ગીતાના પાઠસાથે વિજ્ઞાનના સમરસભાવ આગામી પેઢીને જ્ઞાન વિકસાવવામા શ્રેષ્ઠ પરિબળ પૂરું પાડશે તેમજણાવી, ટેકનોલોજીના સમજણ પૂર્વકના ઉપયોગ કરી જીવનમાસારી આદતોને કેળવી માત્ર ગોખણી યુજ્ઞાન નહીં પણ કૌશલ્ય વિકસાવીને રાષ્ટ્રનિર્માણના યજ્ઞમાં આહુતિ આપવાનો સંકલ્પ કરવા યુવાનોને જણાવ્યું હતું.

આતકે મેયર પ્રદીપડવએ યુવાનોન ઉર્જાવાન બનવા તથા સંસ્કાર અને યોગ્ય શિક્ષણ થકી ચરિત્ર્ય ઘડતર કરી સમાજમાં યોગદાન આપવા અનુરોધ કર્યો હતો.આયુવા સંમેલનમાં સાંસદ મોહનભાઈ કુંડારીયા, પ્રદેશ યુવા ભાજપ પ્રમુખ પ્રશાંત કોરાટ, શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, અગ્રણીઓ સર્વ કિશનભાઇ, કિશોરભાઈ રાઠોડ તથા ઓમ કોલેજના સંચાલકો/ટ્રસ્ટી ઓપરેશ રબારી, પરેશ હાપલિયા, કેતન ખટાણા, પરેશ લીંબાસીયા તેમજ બહોળી સંખ્યામા યુવાનો, બાળકો અને વાલીઆ ઉપસ્થિત રહ્યા હતા.

# સીટીલાઈફ

## મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયા અને ભાનુબેન બાબરીયાની ઉપસ્થિતિમાં યોજાનારૂં રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીનું સ્નેહમિલન

રાજકોટ તા. ૨૦

ાજયના પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા અને સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રીમતિ ભાનુબેન બાબરીયાની ઉપસ્થિતિમાં ૨૨ જાન્યુઆરીએ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીનું સ્નેહમિલન યોજાશે.

રાજ્યના વેપાર-ઉદ્યોગના સર્વશ્રેષ્ઠ સંગઠન પૈકીનું એક રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના સભ્ય પરિવારનું પરંપરાગત વાર્ષિક સ્નેહમિલન તા.૨૨ જાન્યુઆરીના રોજ રોયલ-સેફ્રોન પાર્ટી પ્લોટ, સપ્તપદી પાર્ટી પ્લોટ પાછળ,કાલાવડ રોડ ખાતે સાંજે ૬ કલાકે યોજાશે. આ સ્નેહમિલનમાં રાજકોટના મેયરશ્રી ડો.પ્રદીપભાઈ ડવ, સંસદશ્રીઓ મોહનભાઈ કુંડારિયા,રામભાઇ મોકરિયા, ધારાસભ્યોશ્રી રમેશભાઈ ટીલાળા, દર્શિતાબેન શાહ, ઉદયભાઈ કાનગડ, ગીતાબા જાડેજા, જયેશભાઈ રાદડીયા મહેન્દ્રભાઈ પાડલીયા, પૂર્વ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી સહિત રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના સભ્યો ઉપસ્થિત રહેશે.

## રાજકોટમાં ખવાસ રજપુત સમાજ દ્વારા ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન

રાજકોટ,

દેશળદેવ એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ રાજકોટ દ્વારા વીર મેરાપણ પ્રિમિયર લીગ-૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું છે.આ ટુર્નામેન્ટ તા.૨૫મી જાન્યુઆરીએ રતનપર મોરબી હાઈવે ખાતે આવેલ રૂદ્રશકિત ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે રમાશે. ટુર્નામેન્ટમાં સમસ્ત ખવાસ રજપૂત સમાજના યુવાનો માટે ઓપન સૌરાષ્ટ્ર/ગુજરાત ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાનાર છે. જેને સફળ બનાવવા ટ્રસ્ટના સાવનભાઈ રાઠોડ, અશ્રૃવિનભાઈ ચૌહાણ, સુનિલભાઈ પરમાર, પ્રતિકભાઈ બારડ, બીલનભાઈ ભટ્ટી, શૈલેષભાઈ ચૌહાણ, આનંદભાઈ મકવાણા, હિતેષભાઈ હાપા ધિ જહેમત ઉઠાવી રહ્યા છે.

## આટકોટના જીવાપરમાં સરદાર પટેલ સમાજ વાડીનું ખાતમુર્હુત



આટકોટ,

આટકોટના જીવાપર ગામે સરદાર પટેલ સમાજ વાડીનું ખાતમુરત કરવામાં આવ્યું હતું જેમાં ગ્રામજનો તેમ જ દાતાઓ ઉપસ્થિવત રહ્યા હતા જીવાપર ના લોકોને હવે સમાજ વાડી નવી મળી રહેશેસરદાર પટેલ ભવન જીવાપર (સમાજ વાડી)નું ખાતમુહૂર્ત (ભૂમિપૂજન) કરેલ છે. ભૂમિદાતા -લાલજીભાઈ બચુભાઈ ચોથાણી છે.

## રાજકોટની સિસ્ટમર નિવેદીતા સ્કુલ દ્વારા છાત્રોના આરોગ્ય ની ચકાસણી કેમ્પ યોજાશે

રાજકોટ,

રાજકોટ સિસ્ટવર નિવેદીતા ફાઉન્ડે શનના સહયોગથી સંચાલિત સિસ્ટ ૨ નિવેદીતા સ્કુણલ ઓન વ્હીવલ્સબની પ્રવૃતિ દ્વારા યુથ વેલનેસ કેમ્પન યુવા પ્રગતિ, યુ.એસ.એના સહયોગથી આગામી તા.૨૮.૧ શનિવારથી તા.૧.૨ બુધવાર દરમિયાન નિવાસી શાળાઓ શ્રી જીવનજયોતિ શૈક્ષણિક સંકુલ, બોધરાવદર, તા.જસદણ, જિ.રાજકોટ, શ્રીએચ.ડી. ગાર્ડી ઉત્તર બુનિયાદી વિદ્યાલય, વાંગધ્રા, તા.વિછિંયા, જિ.રાજકોટ, શ્રી ઉતર બુનિયાદી વિદ્યાલય, ધજાળા, તા.સાયલા, જિ.સુરેન્દ્ર નગર, શ્રી અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા, કાળાસર, તા.ચોટીલા, જિ.સુરેન્દ્ર નગર તથા અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા, કુવાડવા તાલુકો, જિલ્લો રાજકોટ ઉપરાંત આરોગ્યવ ચકાસણીના આ કાર્યક્રમમાંથી શ્રી અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા, નાવા, તા.ચોટીલા અને અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા, ધજાળા, તા.સાયલા ખાતે યોજાયેલ છે. યુ.એસ.એ.ના લગભગ ૭ ડોકટરો, ૨ વ્યાવસ્થાળપકો, સ્થાસનિક ૭ ડોકટર્સ, ફાર્માસીસ્ટી ૬, નર્સ ૭ વગેરેની મેડિકલ ટીમ અને ૬ કાર્યકરોની ટીમ સેવા આપશે તેમ સંસ્થાાના મેનેજીંગ ટ્રસ્ટીિ ગુલાબભાઇ જાનીની યાદીમાં જણાવાયુ છે.

# રાજકોટના જીવદયા ઘરને એમ્યુલન્સ લોકાર્પણ



રાજકોટ,

મકરસંક્રાંતિના દિને ઈમ્પીપરિયલ હાઈટ, બીગ બજારના સામે 'જીવદયા ઘર'ને એમ્યુદુત લન્સક અર્પણનો કાર્યની યોજાયો હતો. રાષ્ટ્રહ સંત, કરૂણા સાગર પૂ.નમ્ર મુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી જીવદયા ઘર પાંજરાપોળ દ્વારા એક જરૂરી સવલતો સાથે શકય એટલી સરળતાથી અબોલ જીવોની સારવાર થઈ શકે, સ્ટેનચર દવા, રાખવા મીની ફ્રીજ એવા ઘણા ફેરફારો, કરાવી ઓકિસજનની વ્ય વસ્થા સાથે આ એમ્યુર લન્સમ લોકાર્પણ માન. જીવદયા પ્રેમી પશુપાલન મંત્રી રાઘવજીભાઈ પટેલના શુભ હસ્તેિ કરવામાં આવેલ હતું. આ લોકાર્પણ કાર્યક્રમમાં ધારાસભ્યપશ્રી ડો.દર્શિતાબેન શાહ, ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળા, ગૌપ્રેમી ડો.વલ્લભભાઈ કથીરિયા, શહેરના પ્રથમ નાગરિક મેયરશ્રી પ્રદીપભાઈ ડવ, ફોરેસ્ટમ વિભાગના ડીસીએફ અધિકારી તુષારભાઈ પટેલ, નાયબ પશુપાલન નિયામક ખાનપરા ઉપસ્થિ ત રહેલ હતા. ઘાયલ પક્ષીઓની સારવાર કરવા માટે રાજકોટ મહાનગરપાલીકા, જીવદયા ઘર પશુ પક્ષી સારવાર કેમ્પરમાં આરએમસીના ડો.ભાવેશભાઈ ઝાકાસનિયા, જૂનાગઢ વેટરનરી કોલેજના ડો.રઘુવીરભાઈ ભટ્ટ, ડો.પિયુષભાઈ ડોડીયા, ડો.રાજેશભાઈ વાળા વિ.એ. અનેક જીવોને સારવાર આપી બચાવેલ હતા. જીવદયા ઘર પાંજરાપોળના યુવા ટ્રસ્ટી યશભાઈ શાહ, ઉદિતભાઈ શેઠ, જૈન અગ્રણી મયુરભાઈ શાહ, ચંદ્રકાંતભાઈ શેઠ, જીવદયા પ્રેમી હરેશભાઈ શાહ, વિગેરે ઉપસ્થિોત રહેલ હતા. કાર્યક્રમનું સુંદર સંચાલન કુ.પ્રિયાબેન યોગેશભાઈ શાહે કરેલ હતું.

# રાજકોટ જીલ્લા બેંક દ્વારા મોરબી જીલ્લાના પાક ધિરાણના દર નક્કી કરાયા



રાજકોટ,

શ્રી રાજકોટ ડીસ્ટ્રી કટ કો-ઓપરેટીવ બેંક લી.ના જનરલ મેનેજર/સીઈઓ શ્રી વી.એમ.સખીયાની યાદીમાં જણાવ્યાજ મુજબ નાબાર્ડની માર્ગદર્શીકા અન્વલયે વર્ષ ૨૦૨૩-૨૪ માટે મોરબી જીલ્લામાં ઉગાડવામાં આવતા વિવિધ પાકોના હેકટર દીઠ પાક ધિરાણના દર નક્કી કરવા માટે મોરબી જીલ્લાની અલગ-અલગ ડીએલટીસી (ડીસ્ટ્રી કટ લેવલ ટેકનીકલ કમીટી)ની મીટીંગ જીલ્લા ખેતીવાડી અધિકારી ડો.વિક્રમસિંહ ચૌહાણના અધ્યેક્ષસ્થાકને મળેલ હતી.

મીટીંગમાં નાબાર્ડના ડીડીએમ, અન્ય બેંકોના પ્રતિનિધિઓ, મંડળીઓના પ્રતિનિધિ, સહકારી અગ્રણીશ્રી અમૃતલાલ વિડજા તથા જીલ્લાના પ્રગતીશીલ ખેડુતો હાજર રહેલ. આ મીટીંગમાં વર્ષ ૨૦૨૩-૨૪ માટે વિવિધ ખરીફ/ રવિ પાકોના પાક ધિરાણના દર નક્કી કરવામાં આવેલ.

બેંકના ચેરમેન શ્રી જયેશ રાદડીયાના સફળ નેતત્વ હેઠળ શ્રી રાજકોટ ડીસ્ટ્રીચકટ કો-ઓપરેટીવ બેંક મારફત તમામ પ્રકારના પાક ધિરાણો ઉપરાંત ખેડુતોને તમામ જરૂરીયાતો સંતોષવા મધ્યશમ મુદત ખેતી ધિરાણો, હાઉસીંગ લોન, રૂરલ ગોડાઉન લોન તથા પર્સનલ લોન પણ આપવામાં આવે છે. તેમજ બેંક મારફત ધિરાણ લેતા તમામ સભાસદોનો રૂા. ૧૦ લાખનો અકસ્માત વિમો બેંક તરફથી ઉતરાવવામાં આવેલ છે. આમ ખેડુતો માટે અનેક પ્રકારની કલ્યાનણકારી યોજનાઓ આ બેંક તરફથી અમલમાં મુકવામાં આવેલ છે.

# રાજકોટના નાના મવા સર્કલ પાસે ઈન્ટીગ્રેટેડ કમાન્ડ્ એન્ડ કન્ટ્રોલ સેન્ટરની મુલાકાતે મ્યુ.કમિશનર અમિત અરોરા

## આઈસીસીસીના માધ્યમથી ગાર્બેજ, રખડતા પશુઓ, ડ્રેનેજ લીકેજના પ્રશ્નોનું નિવારણ લાવવા આદેશ



રાજકોટ,

રાજકોટ શહેરને સ્વિચ્છ , સુંદર અને સુવિધાપ્રદ રાખવા માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા અવિરત કામગીરી કરવામાં આવી રહી છે. પ્રગતિમાં રહેલ વિવિધ વિકાસલક્ષી કામગીરી ઝડપી અને સમયસર પૂર્ણ થાય તે માટે મ્યુરનિ. કમિશનર અમિત અરોરા દ્વારા સતત સ્થાળ મુલાકાત કરવામાં આવે છે, જે અંતર્ગત આજે તા. ૨૦-૦૧-૨૦૨૩ના રોજ મ્યુનિ. કમિશનર અમિત અરોરાએ નાનામવા સર્કલ પાસે આવેલ ઈન્ટીવગ્રેટેડ કમા એ કંટ્રોલ સેન્ટેર (ૅઝઝઝ)ની મુલાકાત કરી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું તેમજ વેસ્ટ્ ઝોન ઓફિસ ખાતે ટી.પી.સ્કીસમ નં.૩૬નાં જમીન માલિકો સાથેની વેસ્ટર ઝોન ઓફિસ ખાતે ટી.પી.સ્કીટમ નં.૩૬નાં જમીન માલિકો સાથેની મીટિંગમાં થઇ રહેલી કાર્યવાહીનું પણ નિરીક્ષણ કર્યું હતું.

શહેરમાં થતી ગંદકી તથા ગાર્બેજ, રસ્તેત રખડતા પશુઓ અને ડ્રેનેજ લાઈન લીકેજને લગતી ફરિયાદો વગેરેનું તાત્કાંલિક નિવારણ લાવવા ત્ના માધ્યીમથી પણ પ્રયાસ કરવા પર મ્યુલનિ. કમિશનરએ ભાર મુકયો હતો.

વેસ્ટા ઝોન ઓફિસ ખાતે મવડી વિસ્તાફરમાં આવેલ ટી.પી. સ્કી?મ નં. ૩૬નાં જમીન માલિકોને ટી.પી.સ્કી મ અંગે સમજાવવાની મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું જેની પણ મ્યુનિ. કમિશનર અમિત અરોરાએ મુલાકાત કરી થઇ રહેલી કાર્યવાહીનું પણ નિરીક્ષણ કર્યું હતું.

આજની વિઝિટમાં મ્યુનનિ. કમિશનર અમિત અરોરાએ નાયબ મ્યુ?નિ. કમિશનર ચેતન નંદાણી, આઈ.ટી. હેડ સંજય ગોહેલ, પી.એ.(ટેક.)ટુ કમિશનર હિમાંશુ દવે, આસી. મેનેજર વત્સનલ પટેલ, નાયબ પર્યાવરણ ઈજનેર દિગ્વિજિયસિંહ તુવર હાજર રહ્યા હતા.

# રાજકોટ રઘુવંશી મેરેજ બ્યુરો દ્વારા માર્ચમાં નિઃશુલ્ક વેવિશાળ પરિચય સંમેલન

રાજકોટ,

રાજકોટ રઘુકુળ મેરેજ બ્યુ(રો રાજકોટ અને રોયલ રઘુવંશી મેટ્રોમોનીયલના સંયુકત ઉપક્રમે સમસ્તમ રઘુવંશી સમાજના શિક્ષિત ઉમેદવારો માટે આગામી તા. ૨૬ માર્ચના નિઃશુલ્ક વેવિશાળ પરિચય સંમેલનનું આયોજન કરાયુ છે.

'અકિલા' ખાતે વિગતો વર્ણવતા આયોજક સમિતિના આગેવાનોએ જણાવ્યુઃ હતુ કે લોહાણા સમાજના ડોકટર, સી.એ., સી.એસ., એન્જીએનીયર, એડવોકેટ વગેરે માસ્ટુર ડીગ્રી ધરાવતા ઉમેદવારો તેમજ સગાઇ રદ, લગ્ન વિચ્છેયદ, વિધવા, વિધુર તેમજ ગ્રેજયુએટ, અંડર ગ્રેજયુએટ એમ અલગ અલગ સેશનમાં આ પરિચય મેળો યોજાશે.

તા. ૨૬-૩-૨૦૨૩ ના રવિવારે બપોરે ૨ થી ૭ હેમુ ગઢવી હોલ, રાજકોટ ખાતે આયોજીત આ પરિચય મેળો નિઃશુલ્કગ છે. કલર ૫ ફોટાની સાથે ફોર્મ ભરવાનું રહશે. આ માટેની છેલ્લી મુદત તા. ૧૨-૩-૨૦૨૩ નિયત કરાઇ છે.બહારગામના ઉમેદવારો કે જે રાજકોટ આવી શકે તેમ ન હોય તે લોકો સગા સંબંધી મારફત પણ ફોર્મ ભરાવી શકશે. ફોર્મ ભરાય ગયા બાદ તા. ૬ માર્ચથી તા. ૧૨ માર્ચ સુધીમાં પરત કરવાના રહેશે. સમગ્ર પરિચય સંમેલનને સફળ બનાવવા રઘુકુળ મેરેજ બ્યુરોના ચેરમેન અશોકભાઈ કુંડલીયાના માર્ગદર્શન હેઠળ લક્ષ્મીદાસભાઇ જોબનપુત્રા, રાજુભાઇ જોબનપુત્રા, વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

# રાજકોટમાં લાખાજીરાજ રોડ પર પાથરણાવાળાનો ત્રાસ : કાયમી પાથરણા દૂર કરવા મેયરને રજૂઆત

રાજકોટ,

રાજકોટ શહેરના વર્ષોજૂના મુખ્ય બજાર જેવા ગણાતા લાખાજીરાજ તેમજ ધર્મેન્દ્ર રોડ ઉપર રવિવારે દૂકાનો બંધ રહેતી હોય ત્યારે પાથરણા વાળા છુટક વેપારીઓ ધંધો રોજગાર કરતા હોય છે. પરંતુ હવે કાયમી દોરણે પાથરણા વાળાઓ દુકાનની આગળ બેસવા લાગતા દુકાનદારોને વાહન રાખવામાં તકલીફ પડતી હોય તેમજ ગ્રાહકોને પણ દુકાનમાં પ્રવેશ કરવામાં મુશ્કેલી પડતી હોય આજે વેપારી મંડળ દ્વારા મેયરને રજઆત કરી પાથરણા વાળાના ત્રાસમાંથી મુક્તિ અપાવો તેવી રજૂઆત કરી હતી. જેથી મેયરે હવે એક્સ આર્મીમેનને રવિવારે આખો દિવસ આ રોડ ઉપર વોચ રાખવા તેમજ નિરંતર ટીમ દ્વારા સતત પાથરણા વાળાઓ હટાવવાની કાર્યવાહી કરવાની સુચના આપી હતી.

લાખાજીરાજ રોડ ઉપર વર્ષો જૂની દુકાનો હોવાના કારણે રોડ રસ્તા પહોળા થઈ શકે તેવી સ્થિતિ નથી તેની સામે ધર્મેન્દ્રરોડ, બંગડી બજાર સહિતના વિસ્તારમાં દરરોજ ગ્રાહકની ભીડ વધુ રહેતી હોય છે. કપડાથી લઈને તમામ પ્રકારની વસ્તુની ખરીદી આજે પણ શહેરીજનો લાખાજીરાજ રોડ અને ધર્મેનન્દ્ર રોડ ઉપરથી વધુ કરી રહ્યા છે. રવિવારે મોટાભાગની દૂકાનો બંધ રહેતી હોય પાથરણા વાળા વેપારીઓ રોડ ઉપર પાથરણા પાથરી પરચુરણ વેપાર કરતા હોય છે. જેને કોર્પોરેશને પણ એક દિવસ માટે છૂટ આપી હતી. પરંતુ અમુક પાથરણા વાળાઓ હવે કાયમી રોડ ઉપર બેસવા લાગતા ટ્રાફિક સમસ્યાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ છે. જેની સામે દુકાનની આગળ પાથરણા વાળાઓ બેસવાના કારણે દુકાનદારોને ગ્રાહકો ખોવાનો વારો આવ્યો હોય તેમ ધંધા રોજગારમાં મંદી દેખાવા લાગી છે. પાથરણા વાળા મુખ્યત્વે કપડા તેમજ અલગ પ્રકારની કોસ્મેટીક વસ્તુઓનું સસ્તાભાવે વેચાણ કરતા હોય છે. જેનો માર કરોડો રૂપિયાની દુકાનો લઈને બેસેલા વેપારીઓને પડી રહ્યો છે. અમુક સમય માટે લાખાજીરાજ રોડને વન વે જાહેર કરાયો છે. જેની સામે મનપાના જગ્યારોકાણ વિભાગ દ્વારા પણ અમુક સમયે કાર્યવાહી કરાઈ છે.

# રાજકોટની પી.ડી.યુ.મેડિકલ કોલેજ ખાતે તબીબો સાથે રીવ્યુ બેઠક યોજતા આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ






તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ તા.૨૦

રાજકોટની પંડિત દિનદયાલ ઉપાધ્યાય કોલેજ અને હોસ્પિટલ ખાતે આરોગ્ય વિષયક કામગીરીની રીવ્યુ બેઠક આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

આ બેઠકની શરૂઆતમાં ડીન ડો.મુકેશ સામાણી અને તબીબી અધિક્ષકશ્રી ડૉ.આર. એસ.ત્રિવેદીએ પુષ્પગુચ્છથી મંત્રીશ્રીનું સ્વાગત કર્યું હતું. તેમજ તબીબી અધિક્ષકશ્રી ડો.ત્રિવેદીએ સ્વાગત પ્રવચન બાદ પી.પી.ટી.ના માધ્યમથી હોસ્પીટલ અને મેડિકલ કોલેજના તબીબો, દર્દીઓ માટેના બેડની ક્ષમતા, ઝનાના હોસ્પિટલની કામગીરીની પ્રગતિ વગેરે વિષેની જાણકારી આપી હતી.

મંત્રીશ્રીએ હોસ્પિટલની જરૂરિયાતોનું ઝીણવટભર્યું મૂલ્યાંકન કર્યું હતું. જેમાં વિવિધ મુદ્દાઓ જેવા કે સ્વચ્છતા, મહેકમ, બિલ્ડીંગની જરૂરિયાત, સાધનની જરૂરિયાત, પબ્લિક હેલ્થ ડેસ્ક, ચેપ મુક્ત એરીયા વગેરેની તકેદારી લેવા મંત્રીશ્રીએ તાકીદ કરી હતી. મંત્રીશ્રીએ માતા મૃત્યુ દર, બાળ મૃત્યુ દર, પી.એમ.જે.એ.વાય.ના ક્લેમ વગેરે વિશે જાણકારી મેળવી હતી.

મંત્રીશ્રીએ મેડિકલ કોલેજના દરેક વિભાગના વડા પાસે તેમના વિભાગના જરૂરિયાતના સૂચનો જાણ્યા હતા. મંત્રીશ્રીએ કેટલાક માર્ગદર્શક સુચનો પણ આપ્યા હતા. આ તકે આર.એમ.ઓ. ડો.નથવાણી સહિત મેડિકલ કોલેજના વિવિધ વિભગોના વડાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરમાં ૨૦ લાખના પીપી દાણા ભરેલા ટ્રકની ચોરીનો ભેદ ઉકેલવાયો

## ચોરી કરનાર જામનગર, ગોંડલ અને કલાવડના પાંચ શખ્સોની ધરપકડ કરી ૩૨.૮૮લાખની માલમતા કબ્જે કરાય : બે ની શોધખોળ





તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં નુરી ચોકડી પાસેથી પ્લાસ્ટિકના દાણા ભરેલા એક ટ્રકની ચોરી થઈ ગઈ હતી, જે ચોરીનો ભેદ ઉકેલવામાં એલસીબીની ટીમને સફળતા સાંપડી છે, અને કાલાવડ-જામનગર અને ગોંડલના પાંચ તસ્કરોની અટકાયત કરી લઈ તેઓ પાસેથી ૨૦ લાખ રૂપિયાની કિંમતના પી.પી. દાણા, એક ટ્રક અને કાર સહિત રૂપિયા ૩૨,૮૮ લાખની માલમતા કબજે કરી છે, જ્યારે તેના અન્ય બે સાગરીતો ભાગી છૂટ્યા હોવાથી તેઓની શોધ ખોળ હાથ ધરી છે.

જામનગરમાં નુરી ચોકડી પાસે એક સપ્તાહ પહેલા રાત્રિના પાર્ક કરેલા પી.પી.દાણા ભરેલા ટ્રકની ઉઠાંતરી થઈ ગઈ હતી, જે અંગે ટ્રક ચાલક વિનુભાઈ નરસંગભાઇ જાટીયાએ સિટી એ ડિવિઝન પોલીસ મથકમાં રૂપિયા ૨૦ લાખના પી.પી.દાણા અને દસ લાખના ટ્રક સહિત ૩૦ લાખની માલમત્તાની ચોરી થઈ ગઈ હોવાની ફરિયાદ નોંધાવી હતી.

ઉપરોક્ત ફરિયાદના અનુસંધાને એલસીબીની ટીમે તપાસમાં ઝુકાવ્યું હતું અને જુદા જુદા વિસ્તારના સીસીટીવી કેમેરાઓ નિહાળ્યા હતા. જેમાં તસ્કરોનો પગેરું જામનગરથી કાલાવડ અને ત્યાંથી ધોરાજી તરફનું નીકળ્યું હતું જેથી એલસીબીની ટીમે

આ પ્રકરણમાં સંડોવાયેલા ગોંડલ તાલુકાના હડમતાળાના અલ્તાફ હુસેનભાઈ પતાણી, કાલાવડ તાલુકાના નિકાવા ગામના અકીલ અલ્તાફભાઈ નકાણી અને અસરફ અજીતભાઈ સુમરા ઉપરાંત જામનગરમાં નુરી ચોકડી પાસે રહેતા સાજીદ હનીફભાઈ સમા અને ગુલાબ નગર વિસ્તારમાં રહેતા ધીરુભાઈ રત્નાભાઇ ભાટી સહિત પાંચ શખ્સોની ધરપકડ કરી તેમના પાસેથી રૂપિયા ૨૦ લાખની કિંમતના પીપી દાણા, તેમજ ૧૦ લાખની કિંમતનો ટ્રક અને ત્રણ લાખની કિંમતની એક કાર સહિત કુલ ૩૨,૮૦ ની માલમતા કબજે કરી છે.

પોલીસની પૂછપરછ દરમિયાન તેની સાથે ગોંડલના પાટીયાળી ગામનો સોહિલ હારુનભાઈ સુમરા તેમજ જામનગરમાં ગરીબ નવાજ સોસાયટીમાં રહેતો રહીશ રહીમભાઈ બેલીમ જે બંને પણ સંડોવાયેલા હોવાથી પોલીસે તે બંનેને ફરારી જાહેર કરી શોધખોળ હાથ ધરી છે.

# જામનગરમાં અગમ્ય કારણોસર યુવાને ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું

જામનગર : જામનગરમાં ભીમવાસ વિસ્તારમાં રહેતા એક યુવાને ગઈકાલે પોતાના ઘેર કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસા દ્વારા આત્મહત્યા કરી લીધી હતી. જે મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં ભીમવાસ શેરી નંબર ત્રણ, રામાપીરના મંદિર વાળી શેરીમાં રહેતા આતિશ પ્રેમજીભાઈ રાઠોડ નામના ૨૨ વર્ષના યુવાને ગઈકાલે પોતાના ઘેર કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસા દ્વારા આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેને બેશુદ્ધ અવસ્થામાં સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, ત્યાં ફરજ પરના તબીબે તેનું મૃત્યુ નીપજ્યું હોવાનું જાહેર કર્યું હતું.

આ બનાવ અંગે મૃતકના પિતા પ્રેમજીભાઈ મગનભાઈ રાઠોડએ પોલીસને જાણ કરતાં સીટી બી. ડિવિઝન પોલીસે મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ કરાવી તેના આત્માહત્યાના પગલાં અંગે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે.

# જામનગરમાં રિક્ષામાંથી નશાકારક પીણાની ૧૭૩ બોટલ મળી આવતા ચાલકની અટકાયત



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં ભીડભંજન મહાદેવ મંદિર રોડ પર એસઓજી શાખાની ટુકડીએ પેટ્રોલિંગ દરમિયાન એક રીક્ષામાંથી નશાકારક પીણાંની ૧૭૩ નંગ બાટલીનો જથ્થો પકડી પાડયો છે, ક્યારે રીક્ષા ચાલકની અટકાયત કરી પૂછપરછ હાથ ધરી છે.

જામનગરની એસઓજી શાખાની ટીમ દ્વારા ભીડભંજન મહાદેવ મંદિર રોડ પર પેટ્રોલિંગ હાથ ધરી ચેકિંગ કરવામાં આવી રહ્યું હતું, દરમિયાન એક રીક્ષા પસાર થતાં તેમાં નશાકારક પીણાની બોટલોનો જથ્થો મળી આવ્યો હતો. જેથી એસઓજી શાખાની ટીમે ૨૫,૯૫૦ ની કિંમતનો ૧૭૩ નંગ નશાકારક પીણાની બોટલોનો જથ્થો કબજે કરી લઈ સીટી બી. ડિવિઝન પોલીસ મથકમાં જમા કરાવી દીધો છે, અને રીક્ષાના ચાલક ચંદ્રેશ રમેશભાઈ નંદા સામે જાણવા જોગ એન્ટ્રી કરી નશાકારક પીણાં અંગેની વધુ પૂછપરછ હાથ ધરી છે.

# જામનગરમાં કારખાનને નિશાન બનાવી અડધા લાખનો બ્રાસનો સમાન ચોરી જતા તસ્કરો

જામનગર : જામનગરના દરેડ જીઆઈડીસી વિસ્તારમાં વધુ એક કારખાનાને તસ્કરોએ નિશાન બનાવી અડધા લાખની કિંમતના બ્રાસના માલ સામાનની ચોરી કરી ગયાનું પોલીસમાં જાહેર થયું છે.

આ બનાવની વિગત એવી છે કે જામનગરમાં હરિયા કોલેજ રોડ પર રહેતા અને દરેડ જીઆઈડીસી ફેસ થ્રીમાં દ્વારકાધીશ નામનું કારખાનું ધરાવતા ભૂટાભાઈ રામભાઈ ચાવડાએ જામનગરના પંચ કોસી બી ડિવિઝન પોલીસ મથકમાં પોતાના કારખાનામાંથી રૂપિયા અડધા લાખની કિંમતના પિત્તળના માલસામાનની ચોરી થઈ ગયાની ફરિયાદ નોંધાવી છે.

પોલીસ ફરિયાદમાં જણાવાયા અનુસાર ગઈ રાત્રીના ૧૨.૩૦ વાગ્યાથી વહેલી સવારે ચાર વાગ્યા સુધીના સમયગાળા દરમિયાન કોઈ તસ્કરો તેમના કારખાનાની દીવાલ કૂદીને અંદર ઘુસી પિત્તળના માલસામાનની ચોરી કરી ગયા હતા. જે મામલે પંચકોષી બી. ડીવિઝન પોલીસ વધુ તપાસ ચલાવે છે.

# દ્વારકા જિલ્લાના પ્રાંત અધિકારીને સોશિયલ મીડિયા મારફતે મારી નાખવાની ધમકી

## અવારનવાર ફેસબુક મારફતે વિડીયો અપલોડ કરાતા મામલો પોલીસમાં પહોંચ્યો

ખંભાળિયા : દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રાંત અધિકારી તરીકે ફરજ બજાવતા ક્લાસ વન અધિકારી વિરુદ્ધ વિવિધ બાબતો રજુ કરતો વીડિયો વાયરલ કરી, મારી નાખવાની ધમકી આપી, ફરજમાં રૂકાવટ કરવા અંગે ભાટિયાના શખ્સ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવતા આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવની વિગત એવી છે. કે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રાંત અધિકારી તરીકે ફરજ બજાવતા પાર્થભાઈ હિરજીભાઈ તલસાણીયાએ મૂળ ભાટિયાના રહીશ એવા કાના દેવાતભાઈ ચાવડા નામના શખ્સ સામે નોંધાવેલી પોલીસ ફરિયાદમાં જણાવ્યું છે. કે આરોપી કાના દેવાત ચાવડા દ્વારા કલ્યાણપુર તાલુકામાં આવેલી તેમની જમીનના સંપાદન બાબતે નારાજગી હોય, તેના દ્વારા દ્વારકાની પ્રાંત કચેરીમાં રજૂઆત કરાઈ હતી.

આ પ્રકરણમાં આરોપી શખ્સ દ્વારા પોતાના મોબાઈલ નંબરથી ફેસબૂકમાં વિવિધ પ્રકારના વિડીયો અપલોડ કરવામાં આવતા હતા. જેમાં તેના દ્વારા ફરિયાદી અધિકારી પાર્થ તલસાણીયાને કુહાડા વડે જાનથી મારી નાખવાની ધમકી આપતો વિડિયો પણ વાયરલ થયો હોવાનું પોલીસ ફરિયાદમાં જાહેર થયું છે.

જમીન સંપાદનના મુદ્દે આરોપી દ્વારા ફરિયાદી અધિકારીનું મનોબળ તોડવા વિડીયો અપલોડ કરી, ફરજમાં રૂકાવટ કરી, જાનથી મારી નાખવાની ધમકી આપવા સબબ દ્વારકા પોલીસ મથકમાં આઈ.પી.સી. કલમ ૧૮૬ તથા ૫૦૬ (૨) મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# જામનગર શહેરમાં ૩,૬૮,૦૩૨ નાગરિકોએ વેકશિનનો પ્રિકોશન ડોઝ મેળવવાનો બાકી

જામનગર : જામનગર મહાનગર પાલિકા દ્વારા શહેરના અલગ અલગ ૧૨ આરોગ્ય કેન્દ્રમાં કોરોના વેકશીનની પ્રક્રિયા ચાલુ રાખવામાં આવી છે, ત્યારે શહેરના ત્રણ લાખ ૬૮ હજારથી વધુ નાગરિકો કે જે લોકોએ પોતાનો પ્રીકોશન ડોઝ મેળવવાનો બાકી છે, તેઓએ તાત્કાલિક ધોરણે પોતાનો ત્રીજો ડોઝ મેળવી લેવા મહાનગરપાલિકાના કમિશનર દ્વારા અનુરોધ કરાયો છે.

જામનગર શહેરમાં મહાનગર પાલિકા દ્વારા જુદા જુદા ૧૨ આરોગ્ય કેન્દ્રમાં વેકશીનેશનની પ્રક્રિયા ચલાવવામાં આવી રહી છે, અને કુલ ૫,૩૧, ૪૭૭ નાગરિકોએ પ્રથમ ડોઝ મેળવ્યો હતો, જયારે ૫,૩૧,૪૭૭ નાગરિકોએ બીજો ડોઝ મેળવ્યો છે, અને માત્ર ૧,૨૧,૮૧૩ નાગરિકોએ પ્રીકોશન ડોઝ મેળવ્યો છે. હાલમાં ચીન, જાપાન, બ્રાઝિલ જેવા દેશોમાં કોરોનાના કેસો વધ્યા છે, ત્યારે ભારતમાં તેની આગમ ચેતીના ભાગરૂપે વેક્સિનેશનની પ્રક્રિયા વેગવંતી બનાવવામાં આવી રહી છે. ત્યારે જામનગર શહેરના ૩,૬૮, ૦૩૨ નાગરિકોએ પોતાનો ડોઝ વહેલી તકે મેળવી લેવા મહાનગર પાલિકાની આરોગ્ય શાખા દ્વારા અનુરોધ કરાવામાં આવ્યો છે.

# ખંભાળિયામાં યુવાન પાસે ૧૦ ટકા વ્યાજ વસુલનાર વધુ બે વ્યાજખોરે સામે ફોજદારી

ખંભાળિયા : વ્યાજખોરોની ઝેર કરવા પોલીસ તંત્રએ ઝુંબેશ હાથ ધરી છે. અને વ્યાજખોરોની ચૂંગલમાં ફસાઈ ગયેલ લોકોએ પોલીસને જાણ કરવા અનુરોધ કરાયો છે. ત્યારે ખંભાળિયામાં ૧૦ ટકાના રાક્ષસી વ્યાજમાં ફસાઈ ગયેલ વધુ એક યુવાને બે વ્યાજખોરો સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ખંભાળિયા ખાતે તિરૂપતિ સોસાયટી વિસ્તારમાં રહેતા ભાવેશગર અરવિંદગર ગોસ્વામી નામના બાવાજી યુવાને અત્રે યોગેશ્વર નગર વિસ્તારમાં રહેતા પરબત વિક્રમ ભોચીયા તથા વિપુલ નામના શખ્સ પાસેથી ૨૮ મે ૨૦૨૨ ના રોજ રૂપિયા સવા લાખની રોકડ રકમ વ્યાજે લીધી હતી. જેનું માસિક વ્યાજ ૧૦ ટકા નક્કી કરવામાં આવ્યું હતું.

આ પ્રકરણમાં ભાવેશગર ગોસ્વામીએ ઉપરોક્ત બંને શખ્સોને વ્યાજ પેટે રૂપિયા એક લાખ ભરી દીધા હોવા છતાં બંને શખ્સો દ્વારા ફરિયાદી ભાવેશગર પાસેથી વધુ રોકડ રકમની માંગણી કરી, પઠાણી ઉઘરાણી કરવામાં આવે છે. તેમજ ફરિયાદીના ચેક ઉપર રૂ. ત્રણ લાખની રકમ લખાવી લઈ અને યુવાનનું બરછા પાડામાં આવેલા મકાન અંગેનું લખાણ પણ કરાવી લીધું હતું.

આરોપી શખ્સોએ ફરિયાદી ભાવેશગરને ગાળો કાઢી, જાનથી મારી નાખવાની ધમકીઓ આપી, બળજબરીપૂર્વક મકાનનું લખાણ કરાવી લઈ અને ચેક પરત ન આપતા લાયસન્સ વગર દસ ટકા સુધી વ્યાજ વસૂલ કરી, તેમનું મકાન પચાવી પાડવાની કોશિશ કરવા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા બંને શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં ૧૫ વેપારીઓ પાસેથી ૧૮ કિલો પ્રતિબંધિત પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરાયો





તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : પર્યાવરણ માટે સૌથી વધુ નુકશાનકારક એવા પ્લાસ્ટિકનો ઉપયોગ ઘટાડવા અંગેના કેન્દ્ર સરકારના જાહેરનામા અનુસંધાને હાલે ૧૨૦ માઈક્રોન સુધીના તમામ પ્લાસ્ટિક ઝબલા સહિતની વસ્તુઓનો ઉપયોગ બંધ કરવાનો રહેતો હોય, આ જાહેરનામાની અમલવારી ભાગરૂપે જામનગર મહાનગરપાલિકા ધ્વારા ગઈકાલે ૧૨૦ માઈક્રોન સુધીના તમામ પ્લાસ્ટિક ઝબલા સહિતની વસ્તુઓનો ઉપયોગ બંધ કરવા ચાર ટીમો મારફત કડક ઝુબેંશ હાથ ધરવામાં આવી રહી છે.

જેમાં શહેરના અલગ અલગ વિસ્તારોના કુલ ૧૫ ધંધાર્થી- વેપારીઓ પાસેથી ૧૮ કિલોગ્રામ પ્રતિબંધિત પ્લાસ્ટિક જથ્થો જપ્ત કરી રૂા.૭,૧૦૦ નો દંડ વસુલી લેવામાં આવ્યો હતો.

આગામી સમયમાં આ ઝુબેંશ વધુ સઘન બનાવી જપ્તીકરણ દંડનાત્મક કાર્યવાહી ઉપરાંત ડીફોલ્ડરોની મિલ્કતો સીઝ કરી, ફોજદારી રાહે કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની દરેક વેપારીઓ,વિક્રેતાઓ, ધંધાર્થીઓ દુકાન ધારકોને જામનગર મહાનગરપાલિકા ધ્વારા તાકીદ કરવામાં આવી છે.

# જામનગરમાં ઢોર પકડવાની ઝુંબેશનો પુનઃ પ્રારંભ





તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર મહાનગરપાલિકા દ્વારા રસ્તે રઝળતા ઢોરને પકડવા માટેની ઝુંબેશનો આજથી પુનઃ પ્રારંભ કર્યો છે, અને શહેરના જુદા જુદા વિસ્તારમાંથી પ્રથમ બે કલાકમાં ૧૧ ઢોરને પકડી લઈ ઢોરના ડબ્બામાં મૂકવામાં આવ્યા છે.

જામનગર ના પંચેશ્વર ટાવર વિસ્તારમાં પોલીસ બંદોબસ્ત સાથે એક ટુકડીને ઉતારવામાં આવી હતી, અને વિભાજી સ્કૂલ પંચેશ્વર ટાવર, ગોવાળની મસ્જિદ, ત્યાંથી સેન્ટ્રલ બેક્ર રોડ અને ચાંદી બજાર વિસ્તારમાં રસ્તે રઝળતા ઢોરને પકડવાની ઝુંબેશ હાથ ધરી હતી અને પ્રથમ બે કલાકમાં છ ઢોરને પકડી લઈ ઢોરના ડબ્બામાં મૂકવામાં આવ્યા હતા.

આ ઉપરાંત બીજી એક ટુકડીને તળાવની પાળે દોડતી કરાવાઈ હતી, અને જોલી બંગલા રોડ, હિરજી મિસ્ત્રી રોડ, જનતા ફાટક સહિતના વિસ્તારમાંથી વધુ પાંચ ઢોરને પકડી લઇ ઢોરના ડબ્બામાં મૂકી દેવામાં આવ્યા છે.

શહેરના અલગ અલગ વિસ્તારમાં સવાર સાંજ જુદી જુદી બે ટીમોને પોલીસ બંદોબસ્ત સાથે દોડતી કરાવવામાં આવી છે.

# દરેડમાં ચાની હોટલના સંચાલક વ્યાજખોરોની ચૂંગાલમાં ફસાયા

## છ વ્યાજખોરોએ ૨૦ ટકા જેટલું રાક્ષસી વ્યાજના ૪૦ લાખ વસૂલી વધુ સવા કરોડ માંગણી કરી

જામનગર : જામનગર નજીક દરેડમાં રહેતા અને ચા ની હોટલ ચલાવતા એક વેપારીએ પોતાની પાસેથી ૨૦ ટકા જેટલું રાક્ષસી વ્યાજ સાથે ૪૦ લાખ જેટલી રકમ વસૂલી લીધા પછી હજુ પણ સવા કરોડ રૂપિયા આપવા પડશે તેવી માંગણી કરી કોરા ચેકમાં સહી કરાવી વધુ નાણાની માંગણી કરવા અંગે છ શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.

જામનગર નજીક દરેડમાં રહેતા અને ચા ની હોટલ ચલાવતા જયરાજસિંહ ચંદુભા જાડેજા નામના વેપારીએ દરેડ ગામના જયંતીભાઈ ગોહિલ, વિજયસિંહ બહાદુરસિંહ જાડેજા, મંગળસિંહ બહાદુર સિંહ જાડેજા, અનવરભાઈ ખફી, જયદીપભાઈ ચંદુભાઈ ગોસ્વામી અને અર્જુનસિંહ માધુભા કેર વગેરે સામે પોતાની પાસેથી ૨૦ ટકા જેટલું રાક્ષસી વ્યાજ સહિત ૪૦ લાખ રૂપીયા વસૂલી લેવા અંગેની તેમજ હજુ સવા કરોડ રૂપિયા આપવા પડશે તેવી માંગણી કરી કોરા ચેકમાં સહી કરાવી લીધા પછી અદાલતમાં ચેક રિટર્નની ફરિયાદ નોંધાવી ધાક ધમકી આપ્યાની ફરિયાદ કરી છે.

ફરિયાદીને આજથી અઢી વર્ષ પહેલા જયંતીભાઈએ ૭૦,૦૦૦ રૂપિયા ૨૦ ટકાના વ્યાજે આપ્યા હતા. જ્યારે વિજય સિંહ જાડેજા દોઢ લાખ રૂપિયા, મંગળસિંહે ૨૦ લાખ રૂપિયા, અનવર ભાઈએ ૧૫ લાખ રૂપિયા, જયદીપભાઈએ બે લાખ રૂપિયા અને અર્જુનસિંહે ચાર લાખ રૂપિયા માસિક ૨૦ ટકાના વ્યાજના દરે આપ્યા હતા, તેના અંદાજે ૪૦ લાખ રૂપિયા વસૂલી લીધા પછી હજુ ૧ કરોડ ૨૫ લાખની રકમ હજુ બાકી છે, તેમ કહી અવારનવાર ધમકી આપી ઉઘરાણી કરતા હતા.જેઓએ કોરા સ્ટેમ્પ પેપરમાં લખાણ કરાવી લીધું હતું.

જે મામલો રાજકોટ રેન્જના આઈજીપી સમક્ષ લઈ જવાયો હતો, અને આખરે ગઈકાલે તમામ છ આરોપીઓ સામે ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદના અનુસંધાને પોલીસે મની લોન્ડરિંગ એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખંભાળિયા નજીક ખાનગી કંપનીના કમ્પાઉન્ડમાંથી રૂપિયા ૬.૪૫ લાખના મુદ્દામાલની ચોરી

ખંભાળીયા : ખંભાળિયા - જામનગર હાઈ-વે પર આવેલી એક ખાનગી કંપનીમાં થોડા સમય પૂર્વે ૩૦ ટન બોકસાઈટની ચોરી થવા સબબ કંપનીના અધિકારી દ્વારા ખંભાળિયા પોલીસ મથકમાં ગુનો નોંધાવાયો છે.

આ બનાવની વિગત એવી છે કે ખંભાળિયાથી આશરે પાંચ કિલોમીટર દૂર જામનગર ધોરીમાર્ગ પર આવેલી દાલમિયા ભારત રિફ્રેક્ટરીઝ કંપનીના કમ્પાઉન્ડમાંથી ગત ડિસેમ્બર માસમાં કોઈ શખ્સો દ્વારા અનઅધિકૃત રીતે પ્રવેશ કરી કમ્પાઉન્ડમાં રાખેલ આ ૩૦ ટન બોક્સાઈટ ચોરી કરીને લઈ ગયા હતા. પ્રતિ ટન રૂ. ૨૧૫૦૦ લેખે કુલ રૂપિયા ૬.૪૫૦૦૦ ની કિંમતના બોક્સાઈટની વાહન મારફતે ચોરી કરીને લઈ જવા સબબ કંપનીના મેનેજર રાજીવરંજનસિંઘ દ્વારા અજાણ્યા શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાવાઈ છે.

# રાજકોટમાં નકલી નોટો ઘુસાડવાના કારસ્તાનનો પર્દાફાશ : પાંચ પકડાયા

## આંગડીયા મારફત જાલીનોટો ઘૂસાડી હતીઃ તપાસનું પગેરું પૂના બાદ હૈદરાબાદ સુધી લંબાશે : પાંચેય આરોપીઓના ચાર દિવસના રિમાન્ડ મંજૂર

રાજકોટ

રાજકોટ શહેરના ડો. યાજ્ઞિક રોડ પરની એક્સીંસ બેંકના ભરણામાં આવેલી રૂા. ૫૦૦ના દરની ૩૧ જાલીનોટોના મામલે પોલીસે તપાસ શરૂ કરી સીસીટીવી ફૂટેજને આધારે આગળ વધતાં આ રકમ સોની બજારની આંગડીયા પેઢીમાંથી ઉપાડી બેંકમાં ભરપાઇ કરી જનારને શોધી કાઢતાં જાલીનોટોને ચલણમાં વહેતી કરી દેવાના સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો છે.

રાજુલાના વતની અને હાલ રાજકોટ રહેતો શખ્સર ૨૦ કરોડની કોલ્ડ્રીં કની કંપનીમાં ખોટ ખાઇ ગયો હોઇ તેને નકલી ચલણી નોટોની જરૂર હોવાથી રાજુલાના જ પોતાના મિત્ર મારફત રાજકોટના સોની શખ્સતના સંપકમાં આવ્યોન હતો અને આ સોની બંધુએ જંકશન પ્લોમટમાં રહેતાં અને કાલાવડ રોડ પર પંજાબી ઢાબા ચલાવતાં ગુરપ્રીતસિંઘ નામના શખ્સો સંપર્ક કરાવતાં તેણે પુના રહેતાં પોતાના મામાના દિકરા કમલેશ પાસેથી ૪.૬૫ લાખની નકલી ૫૦૦ના દરની નોટો લાવી ભરત બોરીચાને આપી હોવાનું અને આ લેતીદેતીમાં બીજા ત્રણ પણ સામેલ હોવાનું ખુલતાં પાંચને દબોચી લેવાયા છે. છઠ્ઠા આરોપી પુનાના કમલેશને પણ સકંજામાં લઇ લેવાયો છે.

જાલીનોટોનું પગેરૂ હૈદરાબાદ સુધી પહોંચવાની શક્યેતા છે. અર્થતંત્રને નુકસાન પહોંચાડવાના આ કારસ્તા.નમાં વધુ ચોંકાવનારી વિગતો ખુલવાની વકી છે.

એ-ડિવીઝન પોલીસે આ કૌભાંડમાં ગુરપ્રિતસિંઘ ઘનશ્યા મદાસ કારવાણી (ઉ.વ.૪૭-રહે. જંકશન પ્લો ટ દેના બેંકની સામે), ભરત ઉર્ફ કિશોર મેરામભાઇ બોરીચા (ઉ.વ.૪૦-રહે. નિધી એપાર્ટમેન્ટજ સાધુ વાસવાણી રોડ, મુળ દુર્લભનગર સોસાયટી મહુવા રોડ રાજુલા), વિમલ બિપીનભાઇ થડેશ્વર (ઉ.વ.૩૯-રહે. પેન્ટાકગોન એપાર્ટમેન્ટડ સ્પીલડવેલ પાર્ટી પ્લોજટ સામે), તેના ભાઇ મયુર બિપીનભાઇ થડેશ્વર (ઉ.વ.૪૩-રહે. જંકશન પ્લેનટ-૧૩/૭) તથા ભરતના મિત્ર તેજસ ઉર્ફ ગોપાલ રાજુભાઇ જસાણી (ઉ.વ.૩૦-રહે. નિલકંઠ પાર્ક રામનગર સોસાયટી બાબરા)ની ધરપકડ કરી રૂા. ૫૦૦ના દરની ૫૧૩ જાલીનોટ કબ્જેભ કરી છે. આ પાંચેયના ચાર દિવસના રિમાન્ડબ મળતાં વધુ





પુછતાછ શરૂ થઇ છે. છઠ્ઠા આરોપી કમલેશને પણ પુના પોલીસની મદદથી પકડી લેવાયો હોઇ તેને રાજકોટ લાવી વિશેષ પુછતાછ કરાશે.

આ કિસ્સાછમાં વાંકાનેર રહેતાં અને યાજ્ઞિક રોડ પરની એક્સીમસ બેંકમાં ફરજ બજાવતાં તુષારભાઇ સુરેશભાઇ રાવલે એ-ડિવીઝન પોલીસમાં ગત ૧૩/૧/૨૩ના રોજ ફરિયાદ નોંધાવી જણાવ્યુંષ હતું કે અમારી બેંકમાં ૧૩મીએ બપોરે હું મારા ટેબલ પર હાજર હતો કેશીયર આશિષભાઇ બદીયાણીએ મારી પાસે આવી વાત કરી હતી કે એક ગ્રાહક રોકડા રૂપિયા જમા કરાવવા આવેલ છે તેની નોટો ચેક કરતાં અમુક નોટો નકલીહોવાનું જણાય છે. આથી હું ત્યાંત કેશ વિભાગમાં ગયો હતો અને તપાસ કરતાં ખાતેદાર સંદિપ કાંતિલાલ આ રકમ જમા કરાવી ગયાની ખબર પડી હતી. તેણે ૫૦૦ના દરની ૨૬ નોટો જમા કરાવી હતી. તે પૈકીની ૨૫ નોટ નકલી હતી. આથી અમે ખાતેદાર સંદિપભાઇ સાપરીયાને બોલાવી નકલી નોટો બાબતે પુછતાં તેણે પોતાને કંઇ ખબર નહિ હોવાનું કહ્યું હતું. આ પછી મેનેજર મેહુલભાઇ પારેખને જાણ કરતાં આરબીઆઇના નિયમ મુજબ કાર્યવાહી હાથ ધરી હતી. એ દરમિયાન એટીએમ મશીનોમાંથી પણ અન્યા છ નકલી નોટો આવી હોઇ કુલ ૩૧ નકલી નોટો ભરણામાં આવ્યાની ફરિયાદ એ-ડિવીઝનમાં કરતાં પોલીસે આઇપીસી ૪૮૯-બી મુજબ નકલી નોટો ભરણામાં ઘુસાડી દીધાનો ગુનો નોંધ્યોમ હતો.

પીઆઇ કે. એન. ભુકણની રાહબરીમાં પીએસઆઇ બી. એચ. પરમાર, ભરતસિંહ ગોહિલ, એમ. વી. લુવા અને ટીમે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. પોલીસે ખાતેદાર સંદિપ સાપરીયાને બોલાવી પોલીસે પુછતાછનો દોર આરંભતા તેણે પોતે સોની બજારની પી.એમ. આંગડિયા પેઢીમાંથી પોતાને વહેવાર આવેલો હોઇ ત્યાંરથી આ નોટ પોતાને મળી હોવાનું કહેતાં પોલીસની ટીમ હરકતમાં આવી હતી અને આંગડિયા પેઢીના સીસીટીવી ફૂટેજ ચેક કરવાની સાથે સાથે કર્મચારીઓની પુછતાછ શરૂ કરી મુળ રાજુલાના વતની અને હાલ છએક માસથી રાજકોટમાં પરિવાર સાથે સ્થા યી થયેલા ભરત બોરીચાને ઉઠાવી લેતાં જ જાલીનોટને ચલણમાં વહેતી કરી દેવાના કૌભાંડનો પર્દાફાશ થયો હતો.

# રાજકોટ નજીક કેમિકલ ભરેલા આઈસર - કાર ધડાકાભેર અથડાતા આગ ભભૂકી

## આગમાં ત્રણ મજૂરો દાઝ્યા, : એક તરફનો માર્ગ બંધ કરાતા ટ્રાફિકજામ





રાજકોટ,

રાજકોટ-અમદાવાદ હાઈવે પર આજે બપોરે આઈસર અને કાર વચ્ચે અકસ્માત થયો હતો. બાદમાં આઈસરમાં ભરેલા કેમિકલને કારણે પાર્સલમાં આગ લાગી હતી. આથી પાર્સલ બળીને ખાખ થઈ ગયા હતા. આગ બૂઝાવવા જતાં ત્રણ મજૂરો પણ દાઝ્યા હતા. જેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. આ ઘટના બાદ રાજકોટ-અમદાવાદ હાઈવે પરનો એકતરફી વાહન વ્યવહાર બંધ કરવામાં આવતા ટ્રાફિકજામનાં દ્રશ્યો જોવા મળ્યા હતા.

મળતી માહિતી મુજબ રાજકોટ-અમદાવાદ હાઈવે પર કુવાડવા પાસે નવા બનેલા ઓવરબ્રિજ આઈસર કે જે અમદાવાદથી પાર્સલ ભરી રાજકોટ આવતું હતું. ત્યારે સામેથી આવતી કાર અથડાતા આઈસર પલટી ખાઈ ગયું હતું. જેના કારણે આઈસરમાં ભરેલા પાર્સલ રોડ ઉપર વિખેરાઈ ગયા હતા. આઈસરમાં કેમિકલના ડબ્બા ભરેલા હતા જે સળગી ઉઠતા આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું.

આ અંગેની જાણ સ્વાતી સોસાયટી રહેતા આઈસરચાલક મહેન્દ્રભાઈ સદાવતીએ કરતા બેડીપરા ફાયર વિભાગ સહિતનો કાફલો દોડી ગયો હતો. ફાયર બ્રિગેડે પાણીનો મારો ચલાવ્યો હતો. આઈસરને નડેલા અકસ્માત બાદ આઈસર પલટી ખાઈ ગયું હતું. જેમાં કેમિકલના જથ્થામાં અકસ્માત બાદ આગ ભભૂકી ઉઠી હતી. આગ થોડીવારમાં જ વિકરાળ બની ગઈ હતી. જોકે, આ બનાવમાં કોઈ જાનહાનિ થઈ નથી.

# રાજકોટ મનપાએ બાકી વેરા માટે ત્રણ નળજોડાણો કાપી નાખ્યા

## કડક ઝુંબેશમાં ત્રણ પ્રોપર્ટી સીલ : ૫૪ મિલ્કતો જપ્તીથી ફફડાટ



રાજકોટ,

રાજકોટ મ્યુનિ. કોર્પોરેશનની વેરા વસુલાત ઝુંબેશ હવે વધુ આકરી બનાવવામાં આવી રહી છે. મોટા બાકીદારોની મિલ્કત સીલ અને જપ્તીની કડક ઝુંબેશ ચાલુ છે ત્યારે મનપાએ ચાલુ વર્ષમાં પ્રથમ વખત બાકી વેરો વસુલવા નળ કનેકશન કપાત શરૂ કરતા રહેણાંક આસામીઓમાં પણ ફફડાટ મચી ગયો છે. આજે આવા ત્રણ નળ કનેકશન કાપીને વધુ ત્રણ પ્રોપર્ટી સીલ કરવામાં આવી છે.

આજે ટેકસ વિભાગે જાહેર કરેલી માહિતી મુજબ ટેકસ રીકવરી ઝુંબેશ અંતર્ગત આજે વોર્ડ નં.૭ના દિવાનપરા વિસ્તારમાં એક નળ કનેકશન કાપવામાં આવ્યું હતું. વોર્ડ નં.૧૬ના સિધ્ધાર્થનગર શેરી નં.૫માં એક નળ કાપતા રૂા. બે લાખની રીકવરી થઇ હતી. તો મેહુલનગરમાં પણ એક નળ જોડાણ ઉપર કાતર ફેરવી દેવામાં આવી હતી. રહેણાંક વિસ્તારમાં પણ બાકીદારો સામે હવે કડક પગલા શરૂ થયા છે.

આજે ત્રણે ઝોનમાં ત્રણ મિલ્કત સીલ, ત્રણ નળ જોડાણ કપાત અને ૫૪ મિલ્કતને ટાંચ જપ્તી નોટીસ અપાતા ૫૦.૪૬ લાખની રીકવરી થઇ હતી. આજે વોર્ડ નં.૧ના જાસલ કોમ્પ્લેક્ષ અને અક્ષર કોમ્પ્લેક્ષમાં ત્રણ યુનિટને નોટીસ અપાતા રીકવરી થઇ હતી. વોર્ડ નં.૩ના ગાયકવાડીમાં ઠાકર મેન્સનના ૪ અને કીટીપરાના પાંચ યુનિટને નોટીસ અપાઇ છે. વોર્ડ નં.૪ના અમૃત પાર્કમાં મિલ્કતને નોટીસ અપાતા બે લાખ, વોર્ડ નં.૫ના કુવાડવા રોડ પર જપ્તી નોટીસ અપાતા ૫૦ હજાર અને વોર્ડ નં.૬ના દિનદયાળ ઈન્ડ. એરીયામાં એક યુનિટને નોટીસ આપતા ટેકસની આવક જમા થઇ હતી.

વોર્ડ નં.૭ના ઢેબર રોડ પર સરિતા શોપીંગ સેન્ટરમાં બે યુનિટને સીલ કરી ૨.૨૦ લાખની રકમ રીકવર કરાઇ હતી. નાગરીક બેંક ચોક પાસેના આનંદ બિલ્ડીંગમાં પાંચ, ઢેબર રોડના અબ્બાસી ચેમ્બરમાં ૩ અને નગીનદાસ ચેમ્બરમાં ૩ યુનિટને ટાંચ જપ્તીની નોટીસ આપવામાં આવી હતી.

વોર્ડ નં.૧૦માં આવેલ પ્રકાશ સોસાયટીમાં ૬ મિલ્કત અને એકતા ટાવરમાં બે મિલ્કતને ટાંચ જપ્તી નોટીસ આપવામાં આવી હતી. વોર્ડ નં.૧૨ના વાવડીમાં ૩ યુનિટને જપ્તી નોટીસ અપાતા ૨.૪૦ લાખની રીકવરી થઇ હતી.

વોર્ડ નં.૧૩ના સમ્રાટ ઈન્ડ. એરીયામાં એક યુનિટ સીલ કરાતા ૨.૫૦ લાખની આવક થઇ હતી તો ગોંડલ રોડના ૪ યુનિટને નોટીસ અપાઇ છે. વોર્ડ નં.૧૫ના આજી વસાહતમાં પાંચ યુનિટને ટાંચ જપ્તી નોટીસ અપાતા ૧.૨૪ લાખની આવક થઇ હતી. તો વોર્ડ નં.૧૮ના વિરાણી અઘાટ વિસ્તારમાં ૭ મિલ્કતને ટાંચ જપ્તી નોટીસ અપાતા ૬.૬૦ લાખના ચેક જમા થયા હતા. આસી. કમિશ્નર સમીર ધડુક, વી.એમ.પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ રાજીવ ગામેતી સહિતના આસી. મેનેજરો, વોર્ડ ઓફિસરો, ટેકસ ઈન્સ.ની ટીમો દ્વારા આ રીકવરી ઝુંબેશ ચાલી રહી છે.

# રાજકોટમાં વૃદ્ધાને વિશ્વાસમાં ગઠિયા સોનાની બંગડી ઉઠાવી ગયા

રાજકોટ,

ગોંડલ રોડ મક્કમ ચોક પાસે સ્વામિનારાયણ ગુરુકુળની સામે જૈન ચાલ બ્લોક નંબર.૩૩ માં રહેતા કશ્યપભાઇ મુકુલભાઇ દોશી(જૈન વાણીયા) (ઉ.વ.૪૧) એ ફરિયાદમાં બે અજાણ્યા શખ્સો વિરુદ્ધ વિશ્વાસઘાત અને છેતરપિંડી અંગેની ફરિયાદ નોંધાવી છે.આ અંગે એ ડીવીઝન પોલીસ મથકના એ.એસ.આઇ રાજુભાઈ સોલંકીએ સીસીટીવી ફુટેઝના આધારે તપાસની તજવીજ શરૂ કરી હતી

કશ્યપભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે,હું મારા પરીવાર સાથે રહુ છું. મારા મમ્મી તથા પપ્પા એ મને જણાવ્યું કે અહી આગળ રસોડામાં હું બપોર ના આશરે બારેક વાગ્યાની આસપાસ રસોઇ બનાવતી હતી.તે દરમ્યાન બે અજાણ્યા માણસો આવ્યા હતા અને મને જણાવેલ કે તમારી ટાઇલ્સ કે ધાતુના વાસણને સાફ કરી નવા જેવા કરી આથી મેં ના પાડતા આ એક ભાઇ એ એક ચાંદીનો ગ્લાસ અહી આગળ પડ્યો હોય જે સાફ કરીને મને બતાવેલ કે જોવો કેવો સાફ થઇ ગયો છે. લાવો હવે તમારી બંગળી પણ સાફ કરી આપુ એકદમ નવી થઇ જાશેતેમ કહી મને વિશ્વાસમાં લઈને મે મારા હાથમાં પહેરેલ સોનાની બંગળી હોય જેના ઉપર સફેદ પાઉડર લગાવી હમણા જોવો એકદમ નવી થઇ જાશે બાદ આ મે પહેરેલ બંને બંગળીઓ એક ડબ્બા માં મુકવા માટે જણાવતા આ ડબામાં મે પહેરેલ બંને બંગળીઓ રાખી દઇ ડબ્બો મારી પાસે રાખી દીધી હતી અને તેઓ જતા રહ્યાં હતાં અને બાદ માં આ ડબા માં થોડીવાર બાદ જોતા મારી બંગળીઓ જોવામાં આવી નહીં જેથી આ બંને શખ્સોએ રૂ.૮૦ હજારની બંગડી ચોરી કરી લઈ જતા ફરિયાદ નોંધાવી હતી.આ અંગે ક્રાઇમબ્રાન્ચની એક ટીમે બન્ને શખ્સોની ઓળખ મેળવી હતી અને બંનેને સકંજામાં લેવા તજવીજ આદરી છે.

# રાજકોટમાં યુવાનું મોત નિપજાવી નાસી જનાર કાર ચાલક સામે ગુનો નોંધાયો

## રોડ ક્રોસ કરતાં યુવાનને અજાણ્યાં કાર ચાલકે હડફેટે લીધા હતા

રાજકોટ,

રાજકોટ રણુંજા મંદિર પાસે રોડ ક્રોસ કરતાં કોળી યુવકને ઠોકરે ચડાવી મોત નિપજાવનાર અજાણ્યાં કાર ચાલક સામે આજીડેમ પોલીસ મથકે ગુનો નોંધાયો હતો. પ્રાપ્ત વિગત અનુસાર, ફરિયાદી અરૂણાબેન સંજયભાઇ અધોલા (ઉ.વ.૩૫) (રહે, રણુજા મંદિર સામે વેલનાથપરા શેરી નં.૯ કોઠારીયારોડ) એ આરોપી તરીકે અજાણ્યાં કારચાલકનું નામ આપ્યુ હતું અને જણાવ્યું હતું કે,તેઓ મજુરી કામ કરી પરિવારનું ગુજરાઅને ચલાવે છે અને સંતાનમા બે પુત્રો અને એક પુત્રી છે. ગઇ તા.૧૧ ના સાંજના સાત વાગ્યાની આસપાસ તે મજુરી કામે થી ઘરે આવેલ ત્યારે તેના પુત્રએ જણાવેલ કે, તેમના પિતા સંજયભાઈ અમુભાઈ અઘોલા (ઉ.વ.૩૯)નું અકસ્માત થયેલ છે અને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડેલ છે. જ્યાં જઈ તેના પતિને બનાવ અંગર પૂછતાં જણાવ્યુ હતું કે, તેઓ રણુંજા મંદિરે બેસવા જવા માટે ઘરેથી નીકળ્યા હતાં અને રોડ ક્રોસ કરતાં હતાં ત્યારે હુડકો ચોકડી તરફથી પુરપાટ ઝડપે આવતા અજાણ્યાં કારચાલકે હડફેટે લેતા ફંગોળાઈને રોડ પર પટકાયો હતોઅને બાજુમાં પડેલ પડેલ લોખંડનો સળિયો પેટમાં ઘુસી ગયો હતો.જ્યાં એકઠાં થયેલ લોકોએ ૧૦૮ મારફતે સારવારમાં ખસેડયો હતો. જ્યાં ચાલુ સારવારે ઈજાગ્રસ્ત સંજયભાઈનું ગત તા.૧૫ ના મોત નીપજ્યું હતું.



# રાજકોટમાં ધ ગ્રાન્ડ પેલેસ બિલ્ડિંગના ૧૩માં માળે આગ લાગી : જાનહાની ટળી

## ચાર ફાયર ફાઈટરની મદદથી મહામહેનતે આગ બુઝાવી:ફર્નિચરનો સામાન બળી ગયો

રાજકોટ,

રાજકોટમાં કાલાવડ રોડ પર આવેલા નવા ૧૫૦ ફૂટ રિંગ રોડ પર કટારીયા ચોકડી પાસે ધ ગ્રાન્ડ પેલેસ નામની બિલ્ડિંગમાં મોડી રાત્રે આગ લાગવાની ઘટના બનવા પામી હતી.આ હાઈરાઈઝ બિલ્ડિંગના ૧૩ માં માળે અચાનક આગ લાગતા ત્યાં હાજર લોકોએ ફાયર વિભાગને જાણ કરતા કાલાવડ રોડ,મવડી રોડ,બેડીપરા અને મુખ્ય ફાયર સ્ટેશનની ગાડીનો સ્ટાફ તુરંત ઘટના સ્થળે પહોંચી ગયો હતો. ત્યાર બાદ ફાયર બ્રિગેડ ઘટના સ્થળે પહોંચી જોતા આગ ૧૩ અને ૧૫માં માળે આગ લાગી હતી.આગથી ધુમાડાના ગોટે ગોટા નીકળી રહ્યા હતા.ત્યારે ફાયરબ્રિગેડના સ્ટાફે સીડી અને પાઇપ ૧૩ તેમજ ૧૫માં માળે પહોંચાડી આગ પર કાબુ મેળવવા પ્રયત્ન શરૂ કર્યા છે.તેઓએ સતત ત્રણ કલાક સુધી પાણીનો મારો ચલાવ્યો હતો અને આગને કાબુમાં લીધી હતી.આગ લાગવાની ઘટનાની જાણ થતાં જ રાજકોટ તાલુકા પોલીસની ટીમ પણ સ્થળ પર પહોંચી ટ્રાફિક સમસ્યા ન સર્જાઈ તે માટે કામે લાગી ગઈ હતી. આ આગની ઘટનામાં બિલ્ડર હિતેશભાઈ કરશનભાઈ પટેલે જણાવ્યું હતું કે,આ ગ્રાન્ડ પેલેસ નામની બિલ્ડીંગનું બાંધકામ હાલ ચાલુ છે.તેમાં સી બિલ્ડીંગમાં આગ લાગી હતી સૌ પ્રથમ ૧૩માં અને ૧૫માં માળે આવેલા ફ્લેટમાં આગ લાગી હતી.૧૫માં માળે ફર્નિચરનો સામાન પડ્યો હતો.૧૩માં માળે આવેલો ફ્લેટ નિલેશભાઈ પંચણીનો છે.તેમજ આ ફ્લેટમાં હાલ અંદર કોઈ રહેવાસ કરતું ન હતું માટે મોટી દુર્ઘટના થતા અટકી છે.

પરંતુ ફ્લેટમાં અંદર ફર્નિચર માટેનો સમાન પડ્યો હોય જેમાં આગ લાગી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવી રહ્યું છે.જો કે આગ ક્યાં કારણે લાગી તે જાણી શકાયું નથી પરંતુ હાલ ફાયર બ્રિગેડ દ્વારા સતત ત્રણ કલાક પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. બિલ્ડિંગમાં સૌ પ્રથમ ૧૩માં માળે લાગી હતી અને આગ પ્રસરી જતા અને ૧૫માં માળે ફ્લેટમાં પણ આગ લાગતા કુલ બે ફ્લેટમાં આગ લાગી હતી.ફાયર બ્રિગેડમાંથી જાણવા મળ્યું હતું કે,આગની જાણ થતાં જ મવડી રોડ, કાલાવડ રોડ અને બીજા બે ફાયર સ્ટેશન ખાતેથી ફાયર ફાઇટરને ઘટના સ્થળે દોડાવવામાં આવ્યા હતા અને આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો.બિલ્ડર દ્વારા કંટ્રોલમાં ફોન કરી આગ લાગવા બાબતે જાણ કરવામાં આવતા ત્રણ કલાકની જહેમત બાદ આગ પર કાબુ મેળવાયો છે.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં ઠંડીમાં રાહત : હાશકારો



રાજકોટ,

રાજકોટ સહિત સૌરાષ્ટ્રવ - કચ્છ?માં આજે ઠંડીમાં રાહત થઇ છે. આજે ગિરનાર પર્વત ઉપર ૬.૪ ડિગ્રી, નલીયામાં ૧૧.૬ ડિગ્રી, રાજકોટમાં ૧૧.૭, જામનગરમાં ૧૫.૫ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે.ઠંડીમાં રાહત થતા લોકોએ હાશકારો અનુભવ્યો છે. જૂનાગઢ ગિરનાર પર્વત પર ૬.૪ ડિગ્રી ઠંડી રહી હતી. આજની કાતિલ ઠંડીથી પર્વતીય વિસ્તા.ર ઠંડોગાર રહ્યો હતો. ગઈકાલે સોરઠમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી રહ્યા બાદ આજે તાપમાન ૧.૪ ડિગ્રી ઉપર રહીને ૧૧.૪ ડિગ્રી થયું હતું. આમ ઠંડીમાં આંશિક ઘટાડો યથાવત રહ્યો હતો. જૂનાગઢમાં ૧૧.૪ ડિગ્રી ઠંડીની સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૮૪ ટકા રહેતા કાતિલ ઠારનું આક્રમણ થયું હતું.